

# અધ્યાત્મ

વર્ષ : ૧૧ ઓગસ્ટ -૧૯૯૦ અંક : ૧૧

## * સદ્‌ભાવભરી ભેટ *

'અધ્યાત્મ' માટે સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ વહેતો જ રહે છે, એ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાનું જ પરિણામ છે. સત્કર્મોમાં પ્રભુની સહાય પ્રત્યક્ષ ભલે ન દેખાતી હોય પણ તેનું પરિણામ અવશ્ય દેખાય છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂ.

૧૦૧ શ્રી મનીષ હરિભાઇ ભોજાણી, મોરબી–ધંધાની પ્રથમ આવકમાંથી.

૨૧ શ્રી એચ. વી. રામાનુજ, મોરબી–પિતૃતર્પણ નિમિત્તે.

૯૭ શ્રી ધીરજલાલ જી. મોઘરિયા, ધાંગધ્રા.

૧૨૫ શ્રી અમૃતલાલ વસનજી નાયક, લુસવાડા.

૨૧ શ્રી ભારતીબેન ગિરીશભાઇ અગ્નિહોત્રી, સુરત.

૫૧ શ્રી છગનભાઇ સોરઠિયા, સુરત.

૨૧ શ્રીમતી જીવનરેખા હરકાન્ત પાઠક, ફોર્ટ સોનગઢ.

૧૦૧ શ્રી હિમાંશુ પાઠક, સુરત.

૨૧ શ્રી કે. એન. ગોધાણી.

૨૫ શ્રી કિસનભાઇ ટી. કારીઆ, મોરબી.


૨૧ શ્રી વ્રજલાલ શાંતિલાલ ચંડીસભર.

૧૦૧ શ્રી એ. પી. સરવૈયા, માતુશ્રીના સ્મરણાર્થે.

૫૧ શ્રી એ. પી. સરવૈયા, પુત્ર જન્મ પ્રસંગે.

૫૧ કુ. કીર્તિ શશિકાન્ત પુણેકર, વડોદરા. એસ. એસ. સી. માં પ્રથમ વર્ગમાં પાસ થતાં.

(વધુ અંદરને પાને )



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રસન્ન મુદ્રામાં

પ્રાકટ્ય : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ | બ્રહ્મલીન ૧૮ માર્ચ ૧૯૮૪

## વંદના

—મા સર્વેશ્વરી

(રાગ : જે ભક્ત રક્ષા કાજ)

સાબરમતીને ધન્ય કીધી જન્મથી જેણે ખરે,
જે બ્રહ્મકુળ જ્યોતિર્મયીના અંકને પાવન કરે,
સર્વેશ્વરી કાજે પધારે પૃથ્વીપર પરબ્રહ્મ જે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૧

સર્વેશ્વરીની બાળવયથી કીધી રક્ષા જેમણે,
ને સર્વબંધન ક્ષણમહીં છોડાવી દીધાં જેમણે,
સત્સંગમાંથી શોધીને સાન્નિધ્ય દીધું જેમણે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૨

સર્વેશ્વરીના તનમહીં નિત શક્તિરૂપે જે વસે,
વળી એજ કંઠે મધુરસ્વરથી ગીત ગાનારા ખરે,
ને ચરણના ચાલક બની જે વૈષ્ણવી દર્શન ધરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૩

સર્વેશ્વરીને તીર્થયાત્રાનું પરમ સુખ જે ધરે,
અનુકૂળતાનો અર્ઘ્ય ધરતાં કષ્ટને કાપે છે જે,
ગંગાજીના દર્શનતણું સૌભાગ્ય ધરતા જે ખરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૪

સર્વેશ્વરીનો સાદ સુણીને જગન્નાથ પધારે જે,
શ્રી સમંદરનું રૂપ ધરીને સૌને સ્નાન કરાવે જે,
ને હરિદ્વારે નીલધારાનું પૂજન સ્વીકારે જે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૫

(કાવ્યનું અનુસંધાન પૃષ્ઠ ૬૪ ઉપર)


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| માતૃદર્શન–સ્વર્ગારોહણની અટારીએ [illegible]–૨ | ગોરધનભાઈ કલોલા | ૧૧ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | શિબિરાથી | ૨૧ |
| શ્રી સદ્‌ગુરુ મહાત્મય | ડૉ. [illegible]નભાઈ પ્રા. દવે | ૨૪ |
| સદ્‌ભાવભરી ભેટ | – | ૩૮ |
| મૃત્યુનો ભય | મહાત્મા શ્રી યોગેશ્વરજી | ૪૧ |
| પ્રાર્થના | રાજેશ કાપડિયા | ૪૭ |
| પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અનુકૂળ | હર્ષદ તલાટી | ૪૮ |
| પરિચય | નારાયણ હ. જાની | ૫૨ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારે
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ ઓગષ્ટ–૧૯૯૦ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

વિ. સં. ૨૦૩૬ આસો સુદ આઠમ ને શુક્રવાર
તા. ૧૭/૧૦/૮૦, સ્થળ : 'અધ્યાત્મ', સરદારનગર, ભાવનગર.

સવારે નિત્યક્રમ શરૂ થતાં પહેલાં આજકાલ સવારે સાડાત્રણથી પૂ. મહાત્માજીના મંત્રજપ ને સર્વેશ્વરીનો રામાયણ પાઠ શરૂ થાય છે. નિત્યક્રમમાં વ્યાયામ બાદ પૂ. શ્રી દૂધ લે છે. તે પહેલાં લેખનકાર્ય શરૂ કરી દે છે. સર્વેશ્વરી પણ માતૃભક્ત મહાત્મા ઉપર લેખ લખે છે.

બરાબર સાડા અગિયારે બારણું ઉઘડે છે ત્યાં જ વડોદરાથી શ્રી જીતુભાઈ, કુંદનબેન તેમના પિતાજી તથા કપૂરાથી ઈશ્વરભાઈ, બચુભાઈ, વગેરે ભક્તો આવીને પ્રણામ કરે છે. આનંદ અને આશ્ચર્ય થાય છે. બાર વાગ્યા સુધી તેમની સાથે વાતો થાય છે.

ખબરઅંતર પૂછાય છે. માતાજીની સ્મશાન યાત્રાના ફોટાઓ જોવાય છે.

ભોજન માટે જેમ પૂ. શ્રી બહાર બેઠા છે. તેમ આવનાર મહેમાનો પણ શ્રી નારાયણભાઇને ત્યાં ભોજન કરી લે છે. ત્યારબાદ શ્રી જીતુભાઇ સાથે લીમડાના વૃક્ષ નીચે પૂ. શ્રી થોડીવાર વાતો કરે છે. વળી અંદર આવી ફરી જીતુભાઇના પિતાજી, જીતુભાઇ સાથે વાતો કરે છે. એ દરમ્યાન અમે કપૂરાના બન્ને ભાઇઓ સાથે વાતો કરી.

આજે પત્રો, ડાયરી ન લખાયાં. કારણ પૂ. શ્રી અઢી વાગ્યે આરામ કરવા ગયા ત્યાર પછી હું કપૂરાના બન્ને ભાઇઓ સાથે ને પાછળથી જીતુભાઇ, રાધાગૌરી સાથે ચાર વાગ્યા સુધી બેઠી. ચાર વાગ્યે જીતુભાઇ પોતાની ગાડીમાં વિદાય થયા.

વિદાય થતાં તેમના પિતાજી અને તેમણે સંતોષ વ્યક્ત કર્યો. કહ્યું, "પૂ. શ્રી અમને યાદ કરે એજ અમારું સદ્‌ભાગ્ય છે." વળી એમના પિતાજીએ કહ્યું, "મને પૂ. શ્રીને મળવાથી ખૂબ સંતોષ થઇ ગયો."

ચાર થી પોણાપાંચ સુધી આરામ કર્યો. પાંચ વાગ્યે ઘોઘા બંદરે માતાજીનાં અસ્થિ વિસર્જન માટે જવાનું હોઇ તૈયાર થયાં. પૂ. શ્રીએ સ્નાન કરી લીધું. ફરીથી કપૂરાવાળા ભાઇઓ સાથે પૂ. શ્રી બેઠા. પોણા છ સુધી અચાનક સત્સંગ શરૂ થયો. બકુભાઇ, નારાયણભાઇ, સરસ્વતીબેન પણ એમાં જોડાયાં.

જેમાં પૂ. શ્રી માતાજીના જીવનમાં કઇ કઇ ને કેવડી ઇચ્છાઓ ક્યારે ક્યારે પૂરી કરાઇ તેની વાતો કરે છે.



"માતાજીના જીવનની કોઇપણ ઇચ્છા એવી ન હતી કે જે મેં પૂરી ન કરી હોઇ, કોઇને પૈસા આપવાના હોય, કોઇને શાલ આપવાની હોય, કે પોતાના પરિવારમાં નિયમિત સાડલાઓ આપવાની ઇચ્છા હોય કે પોતાના પરિવારમાં લગ્નનો ખર્ચ આપવાની કે પોતાના પરિવારના જનોઇ પ્રસંગે ચાંદલો આપવાનો હોય તો દરેક ઇચ્છા મેં પૂરી કરી છે. માતાજીને એમ ન લાગે કે આપણે ત્યાગી છીએ, એટલે સંસારના વ્યવહારોમાં શી રીતે ઊભા રહીશું ?"

"એટલે કે જીવતાં જ માતાજીની ઇચ્છા પ્રમાણેનાં સત્કર્મો થયાં કર્યાં. કેટલીયે સંસ્થાઓમાં એમના નામે જ રકમ આપી જેમાં એમના ભાઇબીજના જન્મદિને તે તે સંસ્થાઓમાં ભોજન કે દૂધ મળી શકે. ઝાંબીયામાં પણ ગાંધી ક્લીનીક ફાબ્વેમાં માતાજીના નામે રકમ આપી."

"એથી માતાજીને સંતોષ હતો કે હું જે કરું છું ને કરીશ તે સારું જ હશે. જેથી મને કોઇ ખાસ વાતો કરી નથી વિગેરે."

આવી અનેક સુંદર સેવાઓ, તેમજ જીવતાં જ માતાજીની સઘળી ઇચ્છાઓને સંતોષવાના પ્રસંગો પૂ. શ્રીએ ખૂબ પ્રેમથી સંભળાવ્યા.

પોણા છ થતાં જ પૂ. શ્રીએ ઘોઘા બંદરે જવાની તૈયારી બતાવી, એટલે સર્વેશ્વરી અસ્થિકુંભને રૂમમાંથી લાવવા માટે રૂમમાં જાય છે. પૂ. શ્રી પણ એ અંગે રૂમમાં આવે છે. અસ્થિકુંભને ખૂબ ગંભીરતાથી હાથનો સ્પર્શ કરે છે. સર્વેશ્વરીની આગળ પૂ. શ્રી રૂમમાંથી નીકળે છે, બહાર લોબીમાં કપૂરાના બન્ને ભાઇઓ,

બકુભાઈ, નારાયણભાઈ, સરસ્વતીબેન ઊભાં છે. સરસ્વતીબેન અસ્થિકુંભ ઉપર પાંચ ફૂલો ચઢાવે છે. પૂ. માતાજીનાં અસ્થિ રૂમમાંથી બહાર જઈ રહ્યાં હતાં ત્યારે થોડી ક્ષણો સર્વેશ્વરીને દુઃખદ સ્મૃતિઓ સતાવી જાય છે.

પૂ. શ્રી બહાર ઉભેલા કપૂરાના ભાઈઓને કહે છે કે સર્વેશ્વરીએ એમના કુટુમ્બને અને ગામને ઉજ્જ્વલ કરે એવી માતાજીની સેવા કરી. એવી સેવા કોઈ માનવ ના કરી શકે.

શ્રી બચુભાઈ તથા શ્રી ઈશ્વરભાઈ કપૂરાવાળા બન્ને અમારી ગાડી સુધી આવે છે. એઓ હળવો નાસ્તો કરીને વિદાય લેશે. નર્મદામાં અસ્થિવિસર્જનના પ્રસંગે આવવાની છેલ્લી સૂચનાઓ અપાય છે. ગાડીમાં બકુભાઈ, નારાયણભાઈ, સરસ્વતીબેન, પૂ. શ્રી ને સર્વેશ્વરી બેસીને વિદાય થાય છે.

ભાવનગરથી ૧૬ કિલોમીટર દૂર ઘોઘા બંદરે ગાડી વીસજ મિનિટમાં પહોંચી જાય છે. રસ્તામાં રામદેવપીરની વાતો થાય છે. ઘોઘાના ગેસ્ટહાઉસના મેદાનમાંથી જ દરિયા પાસે જઈ શકાય છે.

ઘણે દૂર સુધી પાકી સીમેન્ટની પાળી ચણેલી હોય છે તેના ઉપર દૂર સુધી અમે સૌ ચાલતાં જઈએ છીએ, જેમાં ભાવનગરના પ્રેમીભક્ત શ્રી નૌત્તમભાઈ પંડ્યા પણ જોડાય છે.

ભરતીનો સમય થઈ રહ્યો છે. અંધકાર પણ પથરાઈ રહ્યો છે. વિચારીએ છીએ અંધકાર છવાતાં પહેલાં આ અસ્થિવિસર્જન થઈ જાય તો સારું.

ત્યાંજ એક ભાઈ અમારી તરફ જ ગામમાંથી આવતો જણાય છે, જેથી તેને પૂછવામાં આવે છે કે ભરતી ક્યારે ચઢશે?



તેણે કહ્યું, "દોઢ કલાક પછી આવે અને તે પણ નજીક પાણી ન આવે, પેલી તરફ જઈએ તો આવે ચાલો, હું લઈ જઉં."

એમ કહી તે ભાઈની સૂચના પ્રમાણે અમે પાણી તરફ ગયાં અને અસ્થિનું વિસર્જન કરી દીધું. અસ્થિ વિસર્જન કરીને આવતાં આવતાં પૂ. શ્રીએ કાંતિભાઈના અસ્થિવિસર્જન વખતે કાંતિભાઈએ સૂક્ષ્મરૂપે આવીને પૂ. શ્રી આગળ સંતોષ વ્યક્ત કરેલો તેની વાતો કરી. પછી અસ્થિવિસર્જન માટે આવેલા ભાઈબેનોના સ્વભાવની વાતો કરતાં કરતાં ગેસ્ટ હાઉસના મેદાનમાં આવી ગયાં.

ધીરે ધીરે સંપૂર્ણ અંધકાર છવાઈ રહ્યો. સારુ થયું પેલા અજાણ્યા ભાઈ જાણે દેવદૂત બનીને આવી ગયા ને અમારું કામ પૂર્ણ કરાવ્યું.

મેદાનમાં બે ખુરશી મૂકી શેત્રંજી પાથરી અમે સૌ બેઠા, શ્રી નૌત્તમભાઈએ વિદાય લીધી. પૂ. શ્રીએ વાતો શરૂ કરી.

અમેરિકાના લોસએન્જલ્સ શહેરમાં સ્વામી યોગાનંદના આશ્રમમાં ગાંધીજીની ભસ્મનું વિસર્જન કરેલ તેની નાનકડી દેરી છે, તે વાતો કરી.

એ વાત ઉપરથી યોગીઓ સ્વેચ્છાએ શરીર છોડી શકે તેની વાતો થઈ.

પૂ. શ્રીઃ–કોઈપણ વ્યક્તિનું શરીર છૂટી ગયા પછી તે શરીર ગમે તેટલા દિવસો રાખીએ તો તેમાં કોઈ વિકૃતિ જણાતી નથી તેનું કારણ તે વ્યક્તિની ઉચ્ચ ભૂમિકા નહીં, પણ તે વ્યક્તિનો સૂક્ષ્મ આત્મા એ શરીરના મમત્વને લીધે આસપાસ રહેતો હોય, તેથી એ શરીર વિકૃતિ વિનાનું રહે એમ પૂ. શ્રીએ જણાવ્યું.

વળી સોમનાથ જતાં માંછલાંની ગંધ વિષે વાતો થતાં પૂ. શ્રીએ કહ્યું કે એવા હિંસક ધંધા કરનારને પાછળથી ખૂબ રીબાવું પડે છે, અથવા શારીરિક અસ્વસ્થતા કાયમ ભોગવવી પડે છે.

ઝંબીયાના પ્રવાસના વિમાનમાં મળેલા નવસારીથી પ્રથમવાર જતા બે યુવાનોએ માંસાહાર જ કર્યો તેની પણ વાતો થઈ.

થોડી ઘણી આવી વાતો બાદ ગાડી ચાલુ થઈ, ઉતારા ઉપર આવી અલ્પાહાર કર્યો. તેમાં બટાકાનું શાક પૂ. શ્રી એ લીધું, ને દૂધ પીધું. રાજકોટથી શ્રી જોષીભાઈ પ્રણામ કરવા રજા લીધા વિનાજ સીધા આવી ગયા. પૂ. શ્રીના નિયમથી એ વિરૂદ્ધ હતું. અલ્પાહાર બાદ માતાજીના લેખની વાતો થઈ. આરામ...

**વિ. સં. ૨૦૩૬ આસો સુદ નોમ ને શનિવાર**
**તા. ૧૮/૧૦/૮૦, સ્થળ : 'અધ્યાત્મ', સરદારનગર, ભાવનગર.**

નિત્યક્રમ મુજબ સવારે ૪–૩૦ થી ૬–૦૦ રામાયણ પાઠ, લેખન ને પૂ. શ્રીએ મંત્રજાપ કર્યો. વ્યાયામ, નિયમિત લેખન વળી થોડો આરામ, બાદ સાડા અગિયારે પૂ. શ્રી બહાર આવી ગયા.

માતાજીના વિશેષ અંકની વાતો થઈ. ભોજન લીધું. મગભાત પૂ. શ્રીએ લીધા.

આરામ બાદ આજે સાંજનો સત્સંગ હોવાથી પૂ. શ્રી સમયસર દરરોજની જેમ સ્નાન કરી લે છે.

આજે ગીતાપાઠ નથી. માતાજી નિમિત્તે તેર દિવસનો ગીતાપાઠ, સત્સંગ વિધિસર પૂર્ણ થયો, જેથી આજે સત્સંગમાં સૌ પ્રથમ ૬–૩૦ થી ૭–૦૦ ભજન, ધૂન, સ્તુતિ વગેરે થાય છે.

આજે તો પૂ. શ્રી નાનકડું મનનીય પ્રવચન આપે છે.



ગીતાના એક શ્લોક ઉપર પૂ. શ્રી પોતાની અમૃતવાણીનો આરંભ કરે છે. युद्धस्व विगत ज्वर।

ભગવાને અર્જુનને કહ્યું તાવને છોડીને યુદ્ધ કર. સર્વ માનવને કહી તેવી પણ કેટલીક વાતો છે. "જ્યાં જ્યાં માનવ છે ત્યાં ત્યાં તેને તેને સુધારવાની જે વાત છે તે સનાતન સત્ય કહેવાય."

अनित्यम् असुखं लोकम् इदम् प्राप्य भजस्व माम्।

भजस्व माम् એનો જ વિચાર કરીએ તો માનવે સંસારમાં આવીને કોને ભજવું? વિષયોને?

વિષયોને ભજ, સંસારને ભજ, શરીરને ભજ એમ નહીં પણ મને ભજ. माम् એટલે મને–એટલે ચૈતન્ય જે વિશ્વમાં છે, તે જ ચૈતન્ય આ શરીરમાં છે. એ ચૈતન્યના પ્રતિનિધિ તરીકે ભગવાન કહે છે મને ભજ. જડને ભજીશ નહીં. ચૈતન્યને જ ભજ.

"નાક, કાન, આંખ કલમથી ભગવાન કહે 'મને જ ભજ.' પ્રભુને જોવાનો પ્રયત્ન તે આંખથી ભજવું એમ કહેવાય, જો ભગવાનને ન જુઓ તો આંખથી ભજ્યા એમ ન ગણાય. પ્રભુને કહો હે પ્રભુ! મોહના મોતિયા દૂર કરો. તમારાં દર્શન આપો. મોહના મોતિયા સદ્‌ગુરુની કૃપા અથવા પોતાના સત્કર્મોથી દૂર થાય."

પ્રભુનું ભજન એટલે પ્રભુનું દર્શન. ભજવું સહેલું નથી. ભજવું એ જીવનના પરિવર્તનની પ્રક્રિયા છે. પોતાના ભાવો, પોતાની વૃત્તિ, વિચારો બદલાઈ જાય. સમગ્ર જીવન પ્રભુ પ્રત્યે ચાલ્યા કરે તેનું નામ ભજવું.

"મંદિરમાં જઈ પાંચ દશ મિનિટ બેઠા એટલે ભજવું એમ ન

કહેવાય. એવી ભૂમિકા ઉપર આવીએ કે જ્યાં પણ બેઠા ત્યાંજ તે મંદિર બની જાય. જ્યાં બેઠા ત્યાં આંખથી, વાણીથી ભજાય તો ત્યાંજ મંદિર બની જાય."

"પ્રભુના ગુણોનું કથન તે વાણીથી ભજન. સત્ય, મધુમય વાણી. શુભનું શ્રવણ તે કાનનું ભજન. શરીરથી બીજાને ઉપયોગી થવાની ક્રિયા તે શરીરથી ભજન.

પળે પળે, પદે પદે, સ્થળે સ્થળે ભજન. માળા, તિલક શરીર ઉપર ન દેખાય, છતાં શ્વાસોશ્વાસે ભજન. જેને ભજવાનું છે તેને જ સમર્પણ. તેનામાંજ વિશ્વાસ."

આટલું પ્રવચન આપ્યા બાદ પૂ. શ્રીએ યોગીરાજ પીટર જે એમને ઇંગ્લેન્ડમાં મળેલા તેની વાતો કરી.

"જીવતાં જ રામનામ લો જેથી છેલ્લે "રામનામ સત્ હૈ, ઔર સબ ગપ હૈ" એવું કોઇ બોલે કે ન બોલે, પણ બોલનારા (શબને ઉંચકનારા પણ) સમજીને બોલે તો ગપમાં આસક્ત બને ખરા ?"

સત્સંગ બાદ ડૉ. પોપટ, ડૉ. કોઠારી, ડૉ. ભટ્ટ તથા નડિયાદથી આવેલ શ્રી જયંતિભાઇ વગેરે સાથે પૂ. શ્રી વાત કરે છે.

આજે વાતમાં જ સાડા નવ થઇ ગયા.

આજે શ્રી નારાયણભાઇએ વિદાયના બે શબ્દો ને સર્વેશ્વરીએ સૌને ધન્યવાદ આપતું નાનકડું વક્તવ્ય આપ્યું.

સત્સંગ બાદ સૌ સાથે વાતો બાદ અલ્પાહાર બાદ આરામ કરવામાં આજે સાડાદશ થઇ ગયા. ભાવનગરથી અમદાવાદ જવાની થોડી તૈયારી કરી આરામ કર્યો. હરિઃ ૐ

(ક્રમશઃ)



# માતૃદર્શન–સ્વર્ગારોહણની અટારીએથી–૨

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

સ્વર્ગારોહણ તીર્થમાં આપણે હમણાં હમણાં પૂ. માના સ્વરૂપમાં એક પ્રકટ તીર્થનું સાન્નિધ્ય સુખ માણી રહ્યા છીએ. તીર્થસ્વરૂપ સંતોનું સાન્નિધ્ય એ એમની પરમકૃપા સિવાય પ્રાપ્ત થવું મુશ્કેલ છે. ભગીરથ પુરુષાર્થ વડે રચેલી એ જીવન વાટિકામાંથી પ્રેમ ભક્તિનાં પુષ્પોનો જે પમરાટ પ્રકટે છે, તેની દિવ્ય સુગંધથી એ સાન્નિધ્ય–સેવી જીવોની ધન્યતાનો કોઇ પાર રહેતો નથી.

ચાલો ત્યારે બીજુ બધું મૂકીને એ પ્રકટ તીર્થના સાન્નિધ્યમાં પહોંચી જઇએ. અત્યારે બપોરનો એક વાગ્યો છે. ભાદરવાનો તાપ પૂ. માના તપની જેમ પ્રખરપણે તપી રહ્યો છે. જેને તપવું છે, તેને વળી તાપ શું કે ઠંડી શું? આરામ શું કે વિશ્રામ શું? પૂ. માએ તો તાપ, ઠંડી, આરામ, વિશ્રામ કે ઋતુઓના જીવનચક્રને તપસ્વી-જીવનમાં વિસારે પાડી દીધું છે. આપણે જેને આરામનો સમય માનીએ છીએ તે બપોરનો એક કે રાત્રિનો એક વાગ્યો હોય તોય પૂ. મા તો જાગતાં જ હોય છે. અત્યારે બપોરના એક વાગે પણ પૂ. મા સ્વર્ગારોહણના પ્રાર્થનાખંડમાં પધાર્યાં છે! તમને એમ હશે કે પૂ. મા પ્રાર્થનાખંડમાં તો પ્રાર્થના માટે જ પધાર્યાં હશેને? પણ એવું નથી. પૂ. માની એક નજર પ્રાર્થનાખંડમાં ફરી વળે છે. ચોમાસું ગયું છે, તેથી ભેજ ફુટવાને લીધે પ્રાર્થનાખંડ થોડો

અસ્વચ્છ દેખાય છે. તેથી પૂ. માએ તેજ ઘડીએ સફાઇ કરવાનો નિર્ણય લીધો છે, પૂ. માને મન તો સ્વચ્છતા પણ પ્રાર્થનાનું જ સ્વરૂપ છે. પ્રાર્થના ગમે ત્યારે થઇ શકે તો સ્વચ્છતામાં પણ વિલંબ શા માટે! પૂ. માએ તો મહાલતાબેન, પ્રીતિ, મંજુબેન જે હાજર હતાં તેમને બોલાવ્યાં અને લાગ્યાં કામે. પ્રાર્થનાખંડની મોટી કારપેટને બહાર કાઢી, આખાયે ખંડને વાળી ઝૂડીને સ્વચ્છ કર્યો. કારપેટ પણ જ્યાં પાણીના ભેજને લીધે કાળી પડી ગઇ હતી તેને કાપીકૂપીને વ્યવસ્થિત કરી. તાપમાં તપાવી, ફરીથી વ્યવસ્થિત રીતે પાથરી દીધી. પરંતુ કારપેટ એટલી મોટી કે પાથરતાં પાથરતાં વચ્ચે ક્યાંક એકાદ નાનકડી સળ રહી જાય! થોડી પણ સળ રહે તે પૂ. માને ગમે જ નહીં! ત્રણેક વખત કારપેટને ફરી ફરી પાથરી, ત્યારે પૂ. માનું મન માન્યું! પછી કારપેટ પર મોટો ઓછાડ પાથર્યો. હવે ઓછાડ તો કોઇ ઉપર ચાલે એટલે ઘસડાઇને બહાર નીકળી આવે! પૂ. માને વિચાર આવ્યો કે ઓછાડને સેફ્ટીપીન વડે ચારે બાજુથી કારપેટ સાથે જોડી દીધો હોય તો ખસે નહીં. પણ અત્યારે સેફ્ટીપીન ક્યાં લેવા જવી? પૂ. મા સુખલાલભાઇને કહે "જાઓ, અત્યારે જ બજારમાંથી પીન લઇ આવો." શ્રી સુખલાલભાઇ તુરત જ સાઇકલ પર જઇ પીન લઇ આવ્યા. સેફ્ટીપીનથી પૂ. માની સૂચના પ્રમાણે ઓછાડને કારપેટ સાથે સાંધવામાં આવ્યો. પછી એક નજર ફેરવતાં કહે, "હવે બરાબર છે."

જોઇને પૂ. માની એક ઝલક! બળબળતો તાપ, આજે બુધવાર એટલે લાઇટના અભાવે પરસેવે રેબઝેબ. આજે હજુ સવારનું પાણી પણ લીધું નથી. છતાં તપની તમન્ના એજ. ઊપાડેલું કામ મૂકે તે આ મા નહિ. પછી, સાંજ હોય કે સવાર, બપોર હોય



કે મધરાત, તપના પ્રકાર બદલાયા કરે છે એટલું જ. બાકી તપ તો અખંડ અનેક વિઘ્નો વચ્ચે નિરંતર ચાલ્યા જ કરે છે. આજ પૂ. માનું સત્ય જીવનદર્શન છે, આ આધ્યાત્મિક જીવન, આ વ્યાવહારિક જીવન, આ ઘરનું જીવન, આ બહારનું જીવન એવા કોઇ વિભાગો અહીં નથી. તપમાં પણ એજ પ્રામાણિકતા, વ્યવહારમાં પણ એજ નીતિમત્તા, અંદર, બહાર ક્યાંય પણ મેકઅપ નથી. ખુલ્લી કિતાબની જેમ ચારે બાજુથી જોઇ શકાય તેમ આ પ્રભુમય તપસ્વી જીવનને પણ જોઇ શકાય છે.

બે કલાક સતત પૂ. મા ઊભાં જ રહ્યાં છે, હવે પૂ. મા માટે ખુરશી લાવવામાં આવી છે. હાશ, કરતાં જ ખુરશી પર બેસતાં એક નજર પ્રાર્થનાખંડમાં ફરી વળે છે. પ્રાર્થનાખંડની સફાઇ થઇ છે પણ વ્યવસ્થા હજુ બાકી છે. દિવાલોપર શ્રીગુરુદેવ, સાંઇબાબ, ભગવાન બુદ્ધ તથા પૂ. માની તસ્વીરો લાગેલી છે. એ જોતાં જ પૂ. મા હસતાં હસતાં કહે, "ચાલો આમની ટ્રાન્સફર કરીએ." પૂ. શ્રી અને સાઇબાબાની તસ્વીરો કાળા રંગની છે, અને તે સામસામી દિવાલે હતી. બંને તસ્વીરોને એક જગ્યાએ ગોઠવતાં કહે, "ચાલો, આ બે મહાપુરુષોનું મેચીંગ કરીએ." એવી રીતે પૂ. શ્રી અને પોતાની એક જ કલરની તસ્વીરને પાસે પાસે લગાવતાં ખુશ થતાં બોલી ઉઠ્યાં, "જોયું, કેવું સરસ મેચીંગ!"

એ વિરલ તપ કે અસહ્ય શારીરિક થાકનો ભાર શું મજાલ છે કે આપણે પાસે હોવા છતાં જાણી શકીએ! પૂ. માની સ્વભાવગત પ્રસન્નતા, પોતે ધારણ કરેલ પ્રકૃતિની વિશિષ્ટતા જ એવી વિરલ છે કે તપની વેદના, શારીરિક પરિતાપ કે વ્યવહારિક વિટંબણાઓને આપણે કળી શકતા નથી. એ પ્રસન્ન પ્રકૃતિને લીધે પૂ. માની

જીવનની સૃષ્ટિ, બસ મધુરતાથી જ મહેંકતી હોય!

હવે પૂ. મા પ્રાર્થનાખંડમાંથી ખુલ્લી અગાસીમાં આવ્યાં છે. સહજપણે અગાસીની ખુલ્લી પાળી પર બેસતાં ત્યાંથી કુટિયાના ચાલતા કામનું નિરીક્ષણ કરી રહ્યાં છે. કુટિયાનું કામ જલ્દી થાય અને રાત્રે પણ ચાલુ રહે એવી પૂ. માની ઇચ્છા છે.

પૂ. મા એટલે મધપૂડો, એ મધુરસ પામવા મધુમક્ષિકાઓ ગમે ત્યાંથી પહોંચી જાય. હવે સાંજ ઢળવા આવી છે. પાલનપુરથી બાપજી, રેવાશંકરભાઇ આવ્યા છે. પ્રદ્યુમનભાઇ અંબાજીથી આવ્યા છે. વિશ્રામગૃહમાંથી આવીને બીજા ભક્તો પણ એ સહજ બેઠકમાં ગોઠવાઇ ગયા છે. પૂ. મા તો હજુ અગાશીની પાળી પર બેઠાં છે. પૂ. માએ આજ સવારથી કશું જ લીધું નથી. આ સ્થિતિમાંથી ત્યાંજ સત્સંગની બેઠક શરૂ થઇ ગઇ છે! શ્રી રેવાશંકરભાઇ આજની દેશની પરિસ્થિતિ તથા વિશ્વહિંદુ પરિષદના કાર્યની વાત કરી રહ્યા છે. રાજકીય નેતાઓ બે કોમ વચ્ચે વેરઝેર વધારી દેશની શાંતિને જોખમાવી રહ્યા છે. આ વાતો સાંભળી પૂ. મા કહે, "હું તો છાપાં વાંચતી નથી, એટલે પરિસ્થિતિની મને કંઇ ખબર નથી, પરંતુ દેશમાં જો આવું ચાલતું હોય તો તે સારૂ તો નથી જ. સૌમાં રાષ્ટ્રભાવના જાગે એ પ્રયાસો કરવા જોઇએ. જે કર્તવ્ય આપણા ભાગે આવે તે આપણે તન, મન, ધનથી કરી છૂટવું જોઇએ."

શ્રી હંસરાજભાઇ તથા રેવાશંકરભાઇની ઇચ્છા પૂ. માના વરદ્હસ્તે રામશીલાપૂજન કરાવવાની છે. તેથી અહીં શીલા લાવવામાં આવી છે અને પૂ. મા પણ શીલાપૂજન કરે છે અને સૌ ભક્તો પણ પૂજન કરે છે. આ શીલાપૂજન પ્રસંગે પૂ. મા કહે,



"લોહીનું એકપણ—એક પણ ટીપું પાડ્યા સિવાય હિંસાનું વાતાવરણ શાંત થાય અને બંને કોમ વચ્ચે શાંતિ જળવાઇ રહે તેવા આપણા પ્રયાસો હોવા જોઇએ. આ પવિત્ર કાર્યમાં સૌ સહયોગ આપે, પ્રભુ સૌને દેશને માટે કાર્ય કરવાની શક્તિ આપે, અને પરમ શક્તિ આ દેશની રક્ષા કરે એવી પ્રાર્થના છે."

છેલ્લે "રામરાઘવ રક્ષ મામ્"ની ધૂન સાથે પૂ. મા રામશીલાને મસ્તકે લગાવી દેશભક્તિના ભાવભર્યા વાતાવરણ વચ્ચે રામશીલાને વિદાય આપે છે.

ભારત દેશનું પૂ. માને ખૂબ ગૌરવ. એની પવિત્ર ભૂમિને પૂ. મા તીર્થસમાન માને છે. ગંગા અને હિમાલયને પૂ. મા ભારતવર્ષના હૃદય માને છે, અને એ પૂણ્ય તીર્થોને વંદન કરતાં ક્યારેય થાકતાં નથી.

શ્રદ્ધા એ હૃદયની સાચી સંપત્તિ છે, અને પ્રભુકૃપા સિવાય તે પ્રાપ્ત થતી નથી. અમદાવાદનાં શ્રી જયાબેનને શ્રદ્ધાની આ દિવ્ય સંપત્તિ પ્રભુ તરફથી જાણે વરદાનના રૂપમાં મળી હોય તેવું તેમને મળીએ ત્યારે લાગ્યા વિના રહે નહીં. નિર્મળ, નિર્દોષ, બાળક જેવું સરળ વર્તન તેમના શ્રદ્ધાળુ હૃદયની સાક્ષી પૂરતું રહે છે. આવા શ્રદ્ધાવાન અંતરની પ્રાર્થના પ્રભુ સાંભળ્યા વિના કેમ રહે!

અત્યારના સાંજના સત્સંગમાં પ્રાર્થનાની વાત કરતાં જયાબેન કહે "મને મનમાં એમ થયાં કરે કે પૂ. મા સાથે યાત્રા કરવાનું મળે તો કેવું સારું! પણ મારી એ ઇચ્છા ફળીભૂત થાય એવી કલ્પના કરી શકતી નહિ, એ અશક્ય જ લાગતું! પૂ. મા તા. ૨૭/૯/૮૯ ના રોજ વહેલી સવારે અંબાજી જવાનાં હતાં એટલે હું સાડા છ વાગ્યે

સત્યપથમાં દર્શન કરવા ગઇ. દર્શન કરીને પછી બસમાં મારો પણ અંબાજી જવાનો વિચાર હતો. પૂ. ગુરુદેવ અને પૂ. માને પ્રણામ કરી જવાની રજા માગી. એટલે પૂ. મા કહે 'અંબાજી આવવું છે ને? તો ચાલો આવી જાઓ મારી સાથે મોટરમાં' મારા તો આનંદનો પાર ન રહ્યો! પરંતુ બીજી જ ક્ષણે આ અશક્ય લાગ્યું. કારણકે મોટરમાં જગ્યા જ નહતી! આગળની સીટમાં શ્રી મહેતા સાહેબ, સ્નેહલતાબેન અને ડ્રાઇવર ત્રણ જણા હતાં. અને પાછળ પૂ. ગુરુદેવ પ્રભુ અને પૂ. મા હતાં! હું એમાં ક્યાં બેસું? મેં કહ્યું કે હું બસમાં આવીશ. માલતીબેન અને દમયંતિબેને પૂ. માને કહ્યું કે તેઓ તો બસમાં પહોંચી જશે. મોટરમાં જગ્યા ન હતી. છતાં પૂ. મા મને પોતાની સાથે મોટરમાં લેવા મક્કમ રહ્યાં. પૂ. માને તકલીફ પડે એટલે માલતીબેન અને દમયંતિબેન ધુંઆફુવાં તો થયાં પણ પૂ. માની આજ્ઞા એટલે કોઇનું શું ચાલે? તમે માનો કે ન માનો પણ મને હજારો વર્ષ તપશ્ચર્યા કરવાથી પણ જે સ્થાન પાસે બેસવાનું સૌભાગ્ય ન મળે, તે પૂ. માનાં શ્રી ચરણોમાં બેસવાનું સૌભાગ્ય સાંપડ્યું! મારા આનંદનો તો કોઇ પાર જ ન રહ્યો, છેક અમદાવાદથી અંબાજી સુધી એ ચરણામૃતનું પાન કરતી રહી!"

"મારી પ્રાર્થના પૂ. મા આટલી ઝડપથી અને આ રીતે સાંભળશે એની તો કલ્પના પણ ક્યાંથી હોય! પણ મા તે મા જ છે. તેમની કૃપાના રહસ્યને કોણ પામી શકે? મારા માટે એ યાત્રા ન હતી, પરંતુ પરમશક્તિની પ્રત્યક્ષકૃપાનો સાક્ષાત્કાર હતો. એ નાનકડી યાત્રા મહાયાત્રા બનીને મારા જીવનમાં અમર બની ગઇ!"

એવા અનેક પ્રસંગોની હારમાળા સર્જાતી રહે છે જેમાં પૂ.



માએ શ્રદ્ધાવાન દિલોની પ્રાર્થના અદ્ભુત રીતે સાંભળી હોય! અહીં પણ મોટર ઉપડવાની તૈયારી સુધી જયાબેનનું સાથે આવવાનું નક્કી નહોતું અને જગ્યાના અભાવે તે શક્ય પણ નહોતું! છતાં એ સાચા દિલની ઝંખના પૂ. માએ તકલીફ વેઠીને પણ પૂરી કરી!

શ્રી જયાબેન પોતાનાં સ્વાનુભવની વાત કરતાં કહે "હું જ્યારે પૂ. માના શ્રી ચરણોમાં પ્રણામ કરું, કે પૂ. માના સુકાતા હોય તે વસ્ત્રોને પ્રણામ કરું ત્યારે અવશ્ય દિવ્ય સુગંધનો અનુભવ થાય." શ્રી જયાબેનની વાત સાંભળતાં પૂ. મા કહે, "પૂ. શ્રી એમ કહેતા કે દિવ્ય સુગંધ એ મહાપુરુષોની હાજરીની સૂચક છે, જ્યારે આપણું અંતઃકરણ વિશુદ્ધ થતું ચાલે ત્યારે આવા સરસ અનુભવો થતા રહે છે."

પૂ. મા અત્યારે શ્રી નારાયણભાઇ અને શ્રી બાલુભાઇની નિઃસ્વાર્થ સેવાભાવના અને સમર્પણભાવની વાત કરી રહ્યાં છે. પૂ. મા કહે "શ્રી નારાયણભાઇને છેક કિશોરવયથી પૂ. શ્રીનું સાન્નિધ્ય સાંપડ્યું છે, અને એ દિવ્ય સાન્નિધ્યના પરિણામે એમનું જીવન સહજપણે એ શ્રી ચરણોમાં સમર્પિત થઇ ચૂક્યું છે. રીટાયર્ડ થયા પછી પણ સરકાર તેમની સેવા ચાલુ રાખવા ઇચ્છતી હતી, છતાં પૂ. શ્રીની આજ્ઞાને શિરોધાર્ય માની, ભૌતિક લાલચનો અસ્વીકાર કરીને 'અધ્યાત્મ' માસિકને જીવન સમર્પિત કરી દીધું. ખૂબ જ સારી રીતે સંચાલન કરતા હોવા છતાં પણ તેમના પર ટીકાઓની ઝડીઓ વરસતી રહે છે. ટીકાઓ કરનારને તેમના સમર્પિત નિઃસ્વાર્થ જીવનનો ખ્યાલ નથી. ભૌતિક એશ આરામનો ત્યાગ કરીને 'અધ્યાત્મ'ને જીવન સમર્પિત કરી દીધું છે. પૂ. શ્રીને પણ 'અધ્યાત્મ'નું પ્રકાશન કાર્ય ગમ્યું હતું. અને અમને પણ ગમે છે.

તંત્રી તરીકે તેઓ પૂર્ણ સ્વતંત્ર છે, અને એકપણ પૈસો લીધા સિવાય તદ્દન નિઃસ્વાર્થભાવે સેવા કરી રહ્યા છે. અધ્યાત્મના કામ માટે પોતાની માતાની અંતિમ ઘડી પણ સાચવી શક્યા ન હતા. પૂ. શ્રીના સ્વપ્નને સાકાર કરવું તે તેમની જીવનસાધના બની ગઈ છે. અધ્યાત્મનું પ્રકાશનકાર્ય તેમને માટે પ્રાણ પ્યારું, પવિત્ર કર્મ છે, અને જીવનધર્મ છે."

આપણે અધ્યાત્મના વાંચકોએ પણ બેક વાતો ધ્યાનમાં રાખવા જેવી છે. ભૂલો પ્રત્યે ધ્યાન દોરવું તે આપણી ફરજ છે. સામાન્ય રીતે આપણે નિખાલસપણે સૂચનો કરતા હોઈએ છીએ. છતાં પણ કોઈપણ પૂર્વગ્રહથી પ્રેરાઈને ટીકા ન કરી બેસીએ, તે માટે જાગૃત રહેવું. સામાન્ય રીતે અધ્યાત્મના લખાણ માટે એવી ફરિયાદ થતી રહે છે કે પૂ. મા અને પૂ. ગુરુદેવ માટે વધારે લખાતું હોવાથી માસિક અમુક વાચક વર્ગ માટે મર્યાદિત બની જાય છે. પરંતુ તટસ્થપણે અવલોકન કરતાં લાગે છે કે ગુરુપૂર્ણિમા, પ્રાકટ્યદિન કે પૂણ્યતિથિ જેવા ચારેક પ્રસંગોએ, પ્રસંગોને અનુરૂપ થોડું વિશેષ લખાતું હશે બાકી સામાન્ય રીતે વાંચનની વિવિધતા સરસ રીતે જળવાઈ રહે છે.

કેટલીક વાતો શ્રી નારાયણભાઇ માટે સહજ છે. છેક કિશોરવયથી અસાધારણ, વિરલ, તપોનિષ્ઠ, પ્રેમાળપુરુષનું દિવ્ય સાન્નિધ્ય તેમની કૃપા થકી સાંપડ્યું છે. એ ઈશ્વરદર્શી મહાસિદ્ધ પુરુષના જીવનની, ન માની શકાય, ન સમજી શકાય, જેના રહસ્યનો તાગ ના પામી શકાય, તેવી અલૌકિક વિરલ ઘટનાઓ શ્રી નારાયણભાઈએ પ્રત્યક્ષરીતે નિહાળી છે. બીજા સંતપુરુષોની સાંભળેલી કે વાંચેલી વાતો જો આપણે આદરપૂર્વક, પ્રેમપૂર્વક



અપનાવતા હોઈએ, તો આ તો અસીમ સામર્થ્ય ધરાવતા એ દિગ્ગજી મહાપુરુષના અવનવા કૃપાપ્રસંગોનો સ્વાદ તેમણે માણ્યો છે. સાંભળેલી કે વાંચેલી વાતો કરતાં પોતે પ્રત્યક્ષ નિહાળેલી કે અનુભવેલી આત્મસંવેદના વ્યક્ત થઇ જવી તેમના માટે સહજ છે.

"સાચી વાત એ છે કે આવી પ્રેરણાદાયી વિરલ વાતો લખીને વાંચકોની શ્રી નારાયણભાઇ સાચી સેવા કરી રહ્યા છે. ઘણા સાચા સાધકો કોઇ ઈશ્વરદર્શી સિદ્ધપુરુષનું દિવ્ય સાન્નિધ્ય ઝંખતા હોય છે, અને ઘણી વખત તો યે શોધ માટે જીવન ખર્ચી નાખતા હોય છે. જ્યારે શ્રી નારાયણભાઇ આપણને જાગ્રત કરે છે કે તમે પણ આવા મહાપુરુષનાં દર્શન માટે ઝંખતા હો તો આવો, ભાગ્યે જ સાંપડતું દિવ્ય સાન્નિધ્ય અનુભવો. પૂ. મા આજે પણ આવું વિરલ વ્યક્તિત્વ ધારણ કરીને વિચરી રહ્યાં છે. શ્રી નારાયણભાઇ પૂ. માના અલૌકિક લીલાપ્રસંગો દ્વારા જનસમાજને પૂ. માના દિવ્ય, તપસ્વી જીવનની ઝાંખી કરાવી રહ્યા છે. શાસ્ત્રોક્ત જીવન અહીં સાકાર બન્યું છે, પરંતુ આપણું જનસમાજનું માનસ પરાપૂર્વથી એક વિચિત્ર માનસરોગથી પીડાઇ રહ્યું છે. જે નથી જોયેલું કે જાણેલું તે અતીત ઉલેચવામાં આપણે ગૌરવ અનુભવીએ છીએ. જ્યારે વર્તમાનમાં એવા ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિ દિવ્યજીવનની ભારે ઉપેક્ષા કરીએ છીએ. પછી પાછળથી આપણે કહીએ પણ છીએ કે અહો! આવું અદ્‌ભુત, ઈશમહિમાથી શોભતું જીવન હતું? અમને તો કંઇ ખબર જ ન રહી, અમે તો આવી અમુલ્ય તકથી વંચિત રહી ગયાં! પછી આપણે પાછળથી શ્રી નારાયણભાઇને કહીએ પણ ખરા કે પૂ. માના રૂપમાં પરમાત્માની પરમ ચેતના સાકાર સ્વરૂપે

વિચરી રહી છે, તે વાત વહેલી તો કહેવી જોઈએ! જ્યારે અત્યારે શ્રી નારાયણભાઈ 'અધ્યાત્મ'દ્વારા બે હાથ ઊંચા કરીને પોકારી પોકારીને કહી રહ્યા છે કે આ અમારી અનુભવેલી વાતો છે, સાંભળો, ત્યારે આપણે સામેથી ટીકાઓ કરી એવું લખવા માટે પ્રહારો કરીએ છીએ! કેવું વિચિત્ર!

કેટલાક એવા જીવો પણ છે કે જેઓ શ્રદ્ધાના મૂર્તિમંત પ્રતીક જેવા છે. પૂ. મા અને પૂ. ગુરુદેવ તેમના માટે શ્વાસ અને પ્રાણરૂપ છે. પૂ. મા અને પૂ. ગુરુદેવ તેમના માટે દીવાદાંડીરૂપ બની ગયાં છે, જેમણે પોતાની જીવન હોડીઓ એ દીવાદાંડીના સહારે જીવનસાગરમાં ઝંપલાવી દીધી છે. પૂ. મા અને પૂ. ગુરુદેવની વાતો તેમને માટે મંત્ર અને સ્મરણરૂપ બની ગઈ છે. શ્રી નારાયણભાઈ દ્વારા લખાતી આવી વાતોનું આચમન લેવા આવા જીવો ચાતકની જેમ તડપી રહ્યા હોય છે. હનુમાનની જેમ જેમાં મારા રામ ન હોય તે વસ્તુ સ્વીકારીને, તેવી વાતો વાંચીને શું કરીએ? તો એવા હનુમાનજી જેવા એકનિષ્ઠ ભક્તોનું કેટલું મહાન શ્રેય શ્રી નારાયણભાઈ પૂ. મા અને પૂ. ગુરુદેવની દિવ્ય વાતો લખીને કરી રહ્યા છે. તે પણ આપણે ટીકાઓ કરતી વખતે વિસરી જઈએ છીએ! જેટલા વહેલા જાગૃત થઈએ તેટલું આપણું જ કલ્યાણ છે ને!

(ક્રમશઃ)



# ગુરુપૂર્ણિમાની ઉજવણી

**શિબિરાર્થી**

આ વર્ષે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભાવનગર ખાતે ઉજવાયો. ગુજરાતભરમાંથી લગભગ ૨૦૦ ઉપરાંત સાધક ભાઈબહેનો એમાં ઉપસ્થિત રહ્યા ને કાર્યક્રમને સફળ કર્યો.

પર્વ નિમિત્તે પૂ. ગુરુદેવ અને પૂ. માનાં સ્વરૂપોનું તથા પાદુકાઓનું પૂજન કરવામાં આવ્યું. પૂજા કરાવનાર હતા પૂ. મા પ્રભુના પરમ ભક્ત શ્રી વિજયભાઈ પુરોહિત (વડોદરા) તેમ જ તેમના પિતાશ્રી. પૂજાવિધિ માટે જે છ ભાઈબહેનો બેઠાં હતાં તેઓમાં ભાઈઓમાં શ્રી રાજેન્દ્ર જાની, શ્રી ભાવેશ દેસાઈ ને શ્રી અજય પંડ્યા, જ્યારે બહેનોમાં શ્રી રંજન ઠાકર, શ્રી નલિનીબેન મહેતા અને શ્રી અરૂણાબેન ઠક્કરનો સમાવેશ થતો હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી જયરામભાઈ કણઝારિયાએ બુલંદ કંઠે સરસ પ્રભાતિયું ગાઈને કર્યો હતો. શ્રી રાજેશભાઈ કાપડીઆએ સરસ ધૂન બોલાવી ને તે પછી અડધા કલાકનું સમૂહ ધ્યાન પણ કરાવવામાં આવ્યું હતું.

પૂજનવિધિ પછી સાધકોએ પૂ. શ્રીને પૂ. માનાં સ્વરૂપો તેમ જ પૂ. શ્રીની પાદુકાઓ ઉપર પુષ્પોના અર્ધ્ય અર્પણ કરી અભિવાદન કર્યું હતું. પૂ. શ્રીનું ટેપ પ્રવચન–કર્મયોગ ઉપરનું રાખવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી ઈશ્વરભાઈ ભક્ત, શ્રી આશાબેન ભક્ત, શ્રી નારાયણભાઈ ભરવાડ, શ્રી બાબુભાઈ વોરા અને શ્રી

હરિભાઈ ભોજાણીનો સમાવેશ થતો હતો.

બપોરના ભોજનબાદ ગીતાપાઠ તેમ જ શિવમહિમ્ન સ્તોત્ર પછી શ્રી નારણભાઈ જાનીએ પૂ. ગુરુદેવના વિવિધ પાસાંઓને વર્ણવતા પ્રસંગો રજુ કર્યા હતા, જ્યારે પ્રા. શ્રી જનાર્દનભાઈ દવેએ ગુરુની ભૌતિક વિદાય પછી તેઓની ચિન્મયતાનો અનુભવ સાધકો શામાં કરી શકે તે સરસ રીતે સમજાવ્યું હતું. (તેઓનું આખું પ્રવચન આ અંકમાં અન્યત્ર છાપવામાં આવ્યું છે.)

કાર્યક્રમનું સંચાલન ને આભારવિધિ શ્રી નારાયણભાઈ જાનીએ કરી હતી.

શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમનું આયોજન ભાવનગરના મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્રના બધાં ભાઈબહેનોએ સાથે મળી કર્યું હતું.

કાર્યક્રમના અંતે શ્રી વિજયસિંહ રાણા અને શ્રી ભોજાણીભાઈએ સાધકો વતી, સરસ વ્યવસ્થા બદલ સંતોષ અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

* * *

## ગુરુપૂર્ણિમા નિમિત્તે સહાય

અમદાવાદના પૂ. શ્રીના અનન્ય ભક્ત નારણભાઈ ભરવાડે પોતાના ખેતરના ૪૦ કિલો ચોખાની સહાય સાધકોના ભોજન માટે કરી હતી. તેઓ જાતે આ ચોખા લઈને કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભોજનમાં ચોખ્ખા ઘીના મોહનથાળનો બધો ખર્ચ કેનેડામાં વસતા મા–પ્રભુના પ્રેમી ભક્ત શ્રીમતી જ્યોત્સ્નાબેન રાજુભાઈ



શાહ તરફથી આપવામાં આવ્યો હતો. બન્નેને અભિનંદન.

શ્રી અજય કલોલાએ આ સમારંભની વિડિયો ટેપ ઉતારી તે બદલ આભાર.

## સુરત તેમજ મુંબઈમાં ઉજવણી

સુરતના શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના ભાઈ બહેનો તરફથી પણ ગુરુપૂર્ણિમાનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિવૃત્ત પ્રો. ટી. જી. ભટ્ટે પૂ. શ્રીના સ્વરૂપનું પૂજન કર્યું હતું. તેમ જ સમૂહમાં સાધકોએ શ્રી યોગેશ્વર બાવની તથા ગીતાપાઠનું ગાન ધ્યાન વગેરે કાર્યક્રમો દ્વારા સત્સંગ માણ્યો હતો.

મુંબઈમાં શ્રી મધુભાઈ ભટ્ટના ઘરે (બોરીવલીમાં) ગુરુપૂર્ણિમા નિમિત્તે આખા દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુરુપૂજન, ભજન, ધૂન, પૂ. શ્રીની વિડીઓ ટેપ વગેરેનો સમાવેશ થતો હતો. મુંબઈના સાધકોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ:ગુ.) ૩૮૫૧૧૦

ઘાટકુંજ
આગામનું

# શ્રી સદ્ગુરુ મહાત્મય

જનાર્દનભાઇ પ્રા. દવે

[નોંધ : ગુરુપૂર્ણિમાના ભાવનગરના કાર્યક્રમમાં ભાગવતાચાર્ય પ્રા. શ્રી જનાર્દનભાઇ દવેએ સરસ પ્રવચન આપ્યું જે અન્ય સાધકો માટે પણ પ્રેરણારૂપ હોઇ, તેને આ અંકમાં ખાસ લેવામાં આવ્યું છે. –તંત્રી]

આપણી સૌની વચ્ચે સુક્ષ્મ સ્વરૂપે બિરાજતા પરમ પૂજ્ય પ્રભુશ્રી અને પૂ. વાત્સલ્યમયી મા.

પ્રભુની મારા પર અનહદ કૃપા હતી. જ્યારે પણ ભાવનગર પધારતા ત્યારે કૃપા કરી થોડો સમય કાઢીને મારી સાથે વાત કરતા. એમનાં વ્યાખ્યાનો સાંભળતાં અદ્ભુત આનંદ થતો.

આજે ગુરુમહારાજના મહિમા વિષે પાંચ મુદ્દાઓમાં વાત કરવી છે. જે મહાપુરુષ આપણી વચ્ચે લીલાશરીર ધારણ કરી વિહરતા હોય, તેઓ જ્યારે લીલાસંવરણ કરે ત્યારે આપણને શોક થાય. ૧૮ મી માર્ચ આવે ત્યારે દિલ ભરાઇ આવે, પણ આપણા વેદો એમ કહે છે કે ગુરુમૂર્તિ લીલાસંવરણ પછી પણ પાંચ સ્વરૂપોમાં આપણી વચ્ચે નિત્ય બિરાજતી હોય છે.

પહેલું સ્વરૂપ છે ગુરુમહારાજના ઉતરાધિકારી. ભગવાન રામકૃષ્ણદેવને લીલાસંવરણની ઈચ્છા થઇ ત્યારે તેઓ શ્રી વિવેકાનંદને પોતાનું સર્વસ્વ આપી ગયા. તેમણે કહ્યું કે "મારી પાસે જે કંઇ હતું તે સર્વસ્વ તને આપું છું, હું હવે સાવ ખાલી થઇ ગયો છું."



આપણા સદ્ભાગ્યે, પૂ. ગુરુદેવ એમનું લીલાતનુ છોડી આપણી વચ્ચેથી ગયા એટલે આપણે સાવ સૂના ન થઈ જઈએ, નિરાશ ન થઈ જઈએ, તેવી વ્યવસ્થા તેમણે પહેલેથી જ કરી હતી. એક શાળાનાં આચાર્ય બહેનને તેમણે પોતાની સાથે રાખ્યાં, પરંતુ તે સામાન્ય ન હતાં, ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેમની દૃષ્ટિ શરીરના ખોળિયાને ભેદીને અંદર કેવું વિલક્ષણ ચિન્મય સ્વરૂપ બીરાજે છે તેનું દર્શન કરતી હતી. એ સ્ત્રી શરીરમાં શું બીરાજી રહ્યું છે તેઓ બરાબર જાણતા હતા.

શ્રી રામકૃષ્ણદેવ એક વાત કહેતા કે આ બ્રહ્માંડમાં સપ્તર્ષિઓનો લોક છે. તેમાં એક વયોવૃદ્ધ ઋષિ બીરાજતા હતા. તેની પાસે એક બાળક ગયો અને તેમને વિનંતિ કરી કે હું મનુષ્ય લોકમાં જઉં છું. આપને પણ મારી સાથે આવવું પડશે. રામકૃષ્ણદેવ કહે છે કે તે બાળક તે હું અને સપ્તર્ષિઓમાંથી જે ઋષિ પૃથ્વીપર પધાર્યા તે સ્વામી વિવેકાનંદ. આ વાત તેમના સચ્ચરિત્રમાં નોંધાયેલી છે. અગત્યનું

આપણા ગુરુદેવે ભલે આમ વાત કરી ન હોય પણ એમ કહ્યું હતું કે "આ સર્વેશ્વરીને તમે જુઓ છો એ કોઇ સાધારણ મનુષ્ય શરીર નથી. એ સાક્ષાત્ હરતાં ફરતાં જગદંબા છે." શરૂઆતમાં બધાને આવી શ્રદ્ધા ન હતી. ઘણાં એમ કહેતા કે મોટી ઉંમરે શ્રી યોગેશ્વરજીએ એક બહેનને સાથે રાખ્યાં છે. માણસો પોતપોતાની રીતે બોલતાં હોય છે. પરંતુ સાધકોને જેમ જેમ પૂ. માના પ્રભાવનો પરિચય થતો ગયો તેમ તેમ તેમને સમજાયું કે પૂ. યોગેશ્વરજી અને પૂ. મા વચ્ચે માત્ર શરીરનો જ તફાવત છે. એક

સ્રી શરીર છે, બીજું પુરુષ શરીર છે, પણ તત્ત્વ તો ગુરુમૂર્તિ જ છે.

લીલાશરીર બે હોવા છતાં રાધાકૃષ્ણ એક જ છે. તેમ પૂ. શ્રી અને પૂ. મા એક જ સ્વરૂપ છે. ગુરુદેવ એમ વિચારતા હતા કે મારું લીલાશરીર નહીં હોય, ત્યારે સાધકો રડશે, એમને કોણ માર્ગદર્શન આપશે? એટલે એમણે વ્યવસ્થારૂપે જગદંબાને પૃથ્વીપર અવતરવાની પ્રાર્થના કરી. એજ આ ચિન્મય જગતની પરાશક્તિ મા, સર્વેશ્વરીરૂપે આપણા પર કૃપા વરસાવવા પધાર્યા છે. એ સાધના કરવા નથી આવ્યાં, એ તો સ્વયં મા છે. એમને સાધના કરવાની શું હોય? તેઓ જે કંઇ કરે છે તે આપણા માટે છે. આપણાં પાપ, તાપ અને સંતાપ નિવારવા માટે આવ્યાં છે, આપણે તેમનાં શ્રી ચરણોમાં બેસીયે, શ્રદ્ધાપૂર્વક શીશ નમાવીએ તો આપણાં શારીરિક ને માનસિક પરિતાપ દૂર કરે છે. એવી મારી એક સામાન્ય માણસ તરીકે શ્રદ્ધા છે. પૂ. શ્રી જ આપણી વચ્ચે પૂ. માના સ્વરૂપમાં બિરાજે છે તેવી મારી અતૂટ શ્રદ્ધા છે. મને ક્યારેય પૂ. શ્રી પૂ. માથી ભિન્ન લાગ્યાં જ નથી. શ્રી ગુરુદેવના ઉત્તરાધિકારીમાં તેમનું સાક્ષાત્ સ્વરૂપ બિરાજતું હોય છે. શ્રદ્ધા રાખો તો પૂ. માના સ્વરૂપમાં સાક્ષાત્ ગુરુદેવનું દર્શન થાય જ, એ નિર્વિવાદ છે.

બીજી વાત કે શ્રી ગુરુદેવ લીલાશરીરે ન હોય ત્યારે તેમની પાદુકાઓમાં તેમનું સાક્ષાત્ સ્વરૂપ બિરાજતું હોય છે. આપણે એમ માનીએ છીએ કે આતો પગમાં પહેરવાની કાષ્ટની કે બીજી વસ્તુની બનેલી સામાન્ય પાદુકાઓ કે ચંપલ છે. પરંતુ મારા મિત્રો, વાત આમ નથી, આ પાદુકાઓ કોઇ સાધારણ નથી હોતી. તેમાં તો



ગુરુદેવની પરમ ચેતના નિહિત હોય છે. સંસ્કૃતમાં પાદુકા પંચકમ્ સ્તોત્ર છે. તેમાં કહ્યું છે કે પાદુકાઓ એ તો ગુરુજીનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેમનું પૂજન તે ગુરુદેવનું સાક્ષાત્ પૂજન છે. પાદુકાઓ એટલે પગમાં ધારણ કરવાની સામાન્ય વસ્તુ નથી, તેમાં અલૌકિક તત્ત્વ છુપાયેલું છે. એક પાદુકા એટલે પ્રકાશ અને બીજી પાદુકા એટલે પ્રવૃત્તિ. આ પાદુકાઓનું પૂજન અર્ચન આપણને પ્રકાશ તરફ પ્રવૃત્તિ કરવાનું કહે છે.

ભવભૂતિ કહે છે તેમ જ્યારે લૌકિક પુરુષો બોલતા હોય ત્યારે અર્થનો વિચાર કરીને બોલતા હોય છે. પરંતુ જ્યારે મહાપુરુષો બોલતા હોય ત્યારે તેમની વાણી પાછળ અર્થને દોડવું પડે છે. તેવી તે તેજસ્વી અને ઓજસ્વી હોય છે.

ભરતજી ચિત્રકૂટથી પાછા ફર્યા ત્યારે પાદુકાઓજીને મસ્તકે પધરાવી છે. ચામરો ઢોળતા હોય તેમ રાજછત્ર રાખીને સિંહાસન પર પધરાવી છે. પ્રણામ કરી ખૂબ રડ્યા, અને પ્રાર્થના કરી કે આપે જ રાજ્ય કરવાનું છે. આપ સાક્ષાત્ પ્રભુ છો.

ભગવાન કૃષ્ણે પણ ઉદ્ધવજીને પાદુકાઓજી આપી કહ્યું કે, "હવે યદુવંશનો નાશ થવાનો છે. તમે આ પાદુકાઓજી લઇને દ્વારિકામાંથી ચાલ્યા જાઓ. અમે નહીં હોઇએ ત્યારે, આ પાદુકાજીમાં અમારું સ્વરૂપ બીરાજશે. ભગવાને ઉદ્ધવજીને પોતાનું આલંબન આપીને કહ્યું કે આ પાદુકાજીમાં અમારું પ્રત્યક્ષ સ્વરૂપ ધારીને લોકોને વાતો કરજો." એ રીતે ભગવાને કૃપા કરીને ઉદ્ધવજીને પાદુકાઓ આપી કૃતાર્થ કર્યા?

વેદોમાં તો પાદુકાજીનું બહુ સન્માન કરવામાં આવ્યું છે. તેમાં

કહ્યું કે પ્રભુની પાદુકાઓજીને પાદુકા ન કહેવાય પણ ભવતારિણીજી કહેવાય. જેમ વૈષ્ણવો કહે છે કે આ મારે માથે તો શ્રીનાથજીનું સાક્ષાત્ સ્વરૂપ બિરાજે છે. તેમ ગુરુજીની આ ભવતારિણીજી આપણી માથે બિરાજતી હોય પછી શાની ચિંતા!

ત્રીજી વાત પ્રભુના વાઙ્મય સ્વરૂપની છે. વાઙ્મય સ્વરૂપે પણ પ્રભુ સાક્ષાત્ બિરાજતા હોય છે. શ્રી ગુરુદેવના જેટલા પણ ગ્રંથો છે, તે તેમનું વાઙ્મય સ્વરૂપ છે. ગ્રંથોરૂપે શ્રી ગુરુદેવ આપણી સાથે સીધી વાત કરે છે. પ્રભુને પુસ્તકો લખીને લેખક તરીકે કોઈ પ્રસિદ્ધિ મેળવવાની ન હતી. મહાન ભાષ્યકાર થવાની તેમની કોઈ અભીપ્સા પણ ન હતી. તેમણે જે કંઈ ગ્રંથો લખ્યા તે આપણા કલ્યાણને માટે જ લખ્યા છે. એ સ્વરૂપે તેઓ આપણી સમક્ષ સાક્ષાત્ સ્વરૂપે બિરાજી રહ્યા છે.

ભાગવત માટે એમ કહેવાય છે કે તે ભગવાન કૃષ્ણનું સાક્ષાત્ વાઙ્મય સ્વરૂપ છે. ઉદ્ધવજીએ જ્યારે વિનંતિ કરી કે પ્રભુ આપ ધામમાં જશો, ત્યારે અમારું શું થશે? માટે અમને અવલંબન રૂપે કંઈક આપતા જાઓ. ત્યારે પ્રભુએ પોતાનું સ્વરૂપ સંકેલીને શ્રીમદ્ ભાગવતમાં પધરાવ્યું. શ્રદ્ધાપૂર્વક શ્રી ભાગવતજીનો પાઠ કરવાથી પણ જીવનો મોક્ષ થાય છે.

આપણા ગુરુદેવ પણ તેમના ગ્રંથો સ્વરૂપે આપણા કલ્યાણ માટે સાક્ષાત્ બિરાજી રહ્યા છે. મા સર્વેશ્વરી તો દરરોજ આપણી સાથે ન હોય ત્યારે ગુરુદેવના વાઙ્મય સ્વરૂપનો આધાર લઈને આપણે પ્રભુ સાથે સીધી વાતચીત કરી શકીએ છીએ. તેમનાં પુસ્તકો માત્ર પુસ્તકો નથી કે, પ્રેસમાં છાપેલાં કોઈ કાગળિયાં નથી,



જેમ શ્રી ભાગવતજીને સ્પર્શ, પ્રણામ કે શ્રવણ કરવાથી પાપો દૂર થાય છે, તેમ શ્રી ગુરુદેવના વાઙ્મય સ્વરૂપને શ્રદ્ધાપૂર્વકના પ્રણામ દર્શન કે શ્રવણ પણ આપણા પાપોને દૂર કરે છે. પછી તે રમણ મહર્ષિનું પુસ્તક હોય કે 'પ્રકાશના પંથે' હોય. મહાપુરુષો તે સ્વરૂપે આપણી પાસે હાજર હોય છે.

ચોથા સ્વરૂપે પ્રભુ આપણી સામે સાક્ષાત્ બિરાજતા હોય તો તે ચિત્ર કે ફોટા સ્વરૂપે છે. હું નારાયણભાઈને ત્યાં મંદિરમાં દર્શન કરી આવ્યો છું. પ્રભુ અને પૂ. મા ત્યાં સાક્ષાત્ બિરાજે છે. પાંચેક મિનિટ તમે પણ શ્રદ્ધાપૂર્વક બેસો તો તમને પણ તે દિવ્ય હાજરીની પ્રતીતિ થાય. પૂ. મા અત્યારે લીલાસ્વરૂપે ભલે બીજે બિરાજતાં હોય, પણ તેઓ અહીં પણ સાક્ષાત્ જ છે. આપણે ત્યાં એવી પ્રણાલિ છે કે પ્રભુના સ્વરૂપોને, ચિત્રોને નીચે ધરતીપર ન મૂકાય. તેને પસ્તીમાં ન પધરાવાય. તે સ્વરૂપ બેદરકારીને લીધે ફાટી ન જાય તે પણ ધ્યાન રાખવું જોઈએ. જ્યાં પણ જે સ્વરૂપે હોય ત્યાં સન્માનપૂર્વક રાખવું જોઈએ, અને જે તેનો મહિમા સમજતો ન હોય તે વ્યક્તિના હાથમાં પણ ન જવું જોઈએ. આપણા પ્રભુના સ્વરૂપનો ઉપયોગ થતો હોય તે જરાપણ વ્યાજબી નથી. ઈસ્લામ કે જૈન ધર્મમાં આવું નથી. આપણે વધારે પડતા ઉદાર નહીં પણ અજ્ઞાન છીએ.

આપણી પાસે પ્રભુનું આવું ચિત્ર સ્વરૂપ હોય તો તેને સન્માનપૂર્વક રાખવું જોઈએ, જો ભાગ્યની પ્રબળતા હોય તો તે ચિત્ર સ્વરૂપમાંથી જવાબ મળતો હોય છે. આજે પણ તે આપણે અનુભવી શકીએ છીએ. સાઈનાથ પ્રભુ કે અમારા ગુરુદેવ શ્રીમાન્

નથુરામ શર્મા ચિત્રો કે મૂર્તિમાંથી પ્રકટ થઈને ઘણાં ભક્તોના જાન બચાવ્યા છે, તેના અનેક ઉદાહરણો છે. આપણા ગુરુદેવ શ્રી યોગેશ્વર પ્રભુના પણ પરચાઓ છે. એટલે શ્રી ગુરુદેવનું કોઈપણ ચિત્ર કે મૂર્તિ આપણી પાસે હોય તો તેમાં તેઓ સાક્ષાત્ બિરાજે છે તેમ સમજવું.

પાંચમો મુદ્દો પ્રભુના કૃપાપ્રસાદનો છે. ગુરુદેવ પ્રભુના કૃપાપ્રસાદથી પ્રાપ્ત થયેલી કોઈપણ વસ્તુમાં પણ તેઓ સાક્ષાત્ બિરાજતા હોય છે. પ્રભુએ પ્રેમના પ્રતીકરૂપે આપેલી, અથવા તેમનો દિવ્ય સ્પર્શ પામેલી કોઈપણ પ્રસાદરૂપે મળેલી વસ્તુમાં પણ ગુરુદેવ સાક્ષાત્ બિરાજતા હોય છે.

સાઈનાથ મહારાજ દક્ષિણારૂપે પૈસા કે વસ્તુ આપતા તે કહેતા આ તમારા પૂજાખંડમાં રાખજો, તેનાથી તમને લાભ થશે. ઘણી વખત પોતાના હાથની સ્પર્શ કરેલી પુસ્તિકાઓ રાખી તેનો પાઠ કરવાનું કહેતા. આવી આજ્ઞા તેઓ તેમને જ આપતા કે જેઓ તે માટે અધિકારી હોય.

આપણા ઘરમાં કોઈપણ ચીજ હોય કે જેને ગુરુદેવ પ્રભુએ સ્પર્શ કર્યો હોય તે સામાન્ય સ્પર્શ નથી હોતો, પણ ચિન્મય સ્પર્શ હોય છે. આપણે એમ માનીએ છીએ ગુરુજીનું શરીર આપણી વચ્ચે હતું ત્યાં સુધી તેઓની પ્રત્યક્ષ કૃપા અનુભવતા હતા, પરંતુ હવે આપણી વચ્ચે નથી તેથી તે કૃપાથી વંચિત રહીએ છીએ. પરંતુ મિત્રો, એવું નથી. શરીર ધારણ એતો એક લીલા છે; શરીર અદૃશ્ય થવાથી એ પ્રત્યક્ષ લીલા ભલે દેખાતી બંધ થતી હોય, પરંતુ તેમની પરોક્ષલીલા તો ચાલુ જ હોય છે. કૃપાપાત્ર જીવો તે દિવ્યકૃપા



કોઈપણ રીતે પ્રેરિત કરતા જ હોય છે.

પૂ. માએ એકવાર કહ્યું હતું કે હું તો સાવ સાધારણ છું, મારામાં કંઈ નથી, લોકો ભક્તિભાવ રાખે એટલું જ. મેં કહ્યું, "મા, આતો છેતરપીંડી છે, નાટક છે. હું તો ખુલ્લી વાત કરું છું, ભલે, આપનું શરીર દુબળું, પાતળું દેખાતું હોય, તેમાં હાથપગ કે કેશ દેખાતા હોય, પરંતુ આતો માયાથી ધારણ કરેલું લીલાવિગ્રહ છે. અંદર તો જગતની ચિન્મય શક્તિ—રાજરાજેશ્વરી બિરાજી રહી છે."

અમે નાના હતા ત્યારે એક પ્રકારના નાના રમકડાં આવતાં, રમકડાંનો આકાર, ગાડાનો હોય, સાઇકલ કે વિમાનનો હોય પરંતુ મોઢામાં મૂકીએ એટલે તેમાંથી સાકરનો રસ આવે. આકાર ભલે ગાડા, સાઇકલ કે વિમાનનો હોય પરંતુ અંદર રસનો આકારનો જ આવે. એમ પૂ. માના લીલાવિગ્રહનો બહારથી દેખાવ ભલે ગમે તેવો હોય, પરંતુ અંદર રસ તો સચ્ચિદાનંદ પરબ્રહ્મનો જ છે. એતો એનો મર્મ જાણી શકે તેને જ ખબર પડે. એટલે મારી તો આપને એટલી જ વિનંતિ છે કે કોઈપણ સંતને પંચમહાભૂતનો પિંડ માનશો નહીં, અને એમાં પૂ. માને તો નહીં જ. તેઓ સ્ત્રી નથી, હરતાં ફરતાં જગદંબા જ છે. એ સ્વરૂપમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર પરમ શક્તિ વિહરી રહી છે. ભગવાન સદાશીવને પણ પ્રેરણા આપે તે શક્તિ છે. તેઓ પ્રકટ પરમાત્મા જ છે.

એકવાર ભગવાન શંકરાચાર્યજી શાક્તમતનું ખંડન કરવા નીકળ્યા. જગદંબાએ વિચાર કર્યો કે આ મારું ખંડન કરવા નીકળ્યો છે, તેને શક્તિનો પરિચય કરાવવો જ રહ્યો. એટલે શંકરાચાર્યજીને

ઝાડા થઇ ગયા. શરીર સાવ નંખાઇ ગયું, હાલીચાલી શકાય નહીં. તેમના શિષ્યો દહીં શોધવા નીકળ્યા, પરંતુ આશ્ચર્ય વચ્ચે તેમને એકપણ ગામમાં દહીં મળ્યું નહીં. ગુરુના શરીરને શિષ્યો ઉપાડીને જતા હતા. આ વાત શંકર દિગ્વિજયમાં નોંધાયેલી છે. ત્યાં સામેથી આઠેક વર્ષની એક બાલિકા ગોવાલણી દહીંની મટકી લઇને આવે. શિષ્યોએ પૂછ્યું કે તારી પાસે દહીં છે? બાલિકાએ કહ્યું, "હા છે, પણ તારા ગુરુ માટે નથી. તે તો શક્તિનું ખંડન કરવા નીકળ્યો છે ને? શરીરમાં શક્તિ તો છે નહીં, ને શું જોઇને નીકળ્યો હશે શક્તિનું ખંડન કરવા?" શિષ્યો સમજી ગયા કે આતો પરાશક્તિ જગદંબા સ્વયં છે. શંકરાચાર્યજીએ પ્રણામ કરી તેમની સ્તુતિ કરી પૂજા કરી. આ અનુભવ પછી શંકરાચાર્યે શક્તિનો મહિમા પામ્યાં અને પછી શક્તિનો મહિમા ગાતું પ્રખ્યાત તાંત્રિક સ્તોત્ર 'સૌંદર્ય લહરી' રચ્યું. એ અદ્‌ભુત તાંત્રિક સ્તોત્ર છે, તેના ઉપર ચાલીસથી પચાસ ટીકાઓ લખાઇ છે. તેના એક એક શ્લોક પર યંત્ર બની શકે છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપી શકે એવી મંત્રાત્મક શક્તિ છે. એટલે શિવ એકલા શિવ નથી, તેમાં શક્તિ રહેલી છે. શિવમાંથી હ્રસ્વ ઇ કાઢી લેવામાં આવે તો શવ બની જાય! એટલે શિવપણ શક્તિ સાથે હોય તો જ ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરી શકે. શક્તિ જોડાયેલી ન હોય તો શિવ હાલીચાલી પણ ન શકે. આ કોણ બોલે છે? શાક્તમતનું ખંડન કરવા નીકળેલા શંકરાચાર્ય, સૌંદર્યલહરીના પહેલા જ શ્લોકમાં શંકરાચાર્યજી જગદંબાની ઉપર પ્રમાણે સ્તુતિ કરે છે, પહેલા શ્લોકની છેલ્લી લીટી તો બહુ જ સરસ છે, તેઓ લખે છે કે જેમણે એક પણ પુણ્ય ન કર્યું હોય તે હે મા! તમને કદી પ્રણામ પણ કરી શકતો નથી.



પૂ. સર્વેશ્વરી માના રૂપમાં એ પરમશક્તિ સ્વયં વિહરી રહી છે. ઉત્પત્તિ, સ્થિતિ ને લય સર્જી શકે એ શક્તિ પૂ. માના રૂપમાં સાક્ષાત્ છે.

કોઇ પણ સંતોનો પિંડ ન જોવાય, ભાગવતના પંચમ સ્કંદમાં ઋષભદેવ વિષ્ટા વચ્ચે, અને ભગવાનદત્ત અને શુકદેવજી તદ્દન નગ્ન સ્વરૂપે હતા. પણ એ શરીર શરીર ન હતાં, પરંતુ હરતાં ફરતાં સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ હતાં. અને તે પણ આપણા કલ્યાણ માટે એ સ્વરૂપે વિહાર કરતાં હતાં, તેઓ તો કંઇ કર્મક્ષય કરવા નહોતા આવ્યા.

પૂ. યોગેશ્વરજી શું કર્મક્ષય કરવા માટે આવ્યા હતા? એ વાતમાં શું માલ છે? તેઓ પોતાના કર્મક્ષય કરવા માટે નહોતા આવ્યા, પરંતુ આપણાં કર્મક્ષય કરવા માટે આવ્યા હતા. પરમાત્મા અત્યાર સુધી આપણી વચ્ચે બે સ્વરૂપે વિહરતા હતા. હવે એક જ છે. પરંતુ તે એકની અંદર બંને સ્વરૂપો રહેલાં છે, તત્ત્વની દૃષ્ટિએ જોઇએ તો બંને એક જ છે. પૂ. માના રૂપમાં હરતું ફરતું ગુરુમહારાજનું સ્વરૂપ વિહરી રહ્યું છે, તેમાં કોઇ શંકા નથી. પૂ. માના શ્રી ચરણકમળોમાં આશ્રય કરશો, તો તરી જશો એમાં આશંકા છે જ નહીં.

સાઇનાથ મહારાજના લીલાસંવરણ પછી મુંબઇમાં બે શિષ્યો મળ્યા, તે વખતે નવનાથનું ચરિત્ર વંચાતું હતું, નવયોગેશ્વરના કૃપા પ્રસંગો સાંભળીને સાઇનાથ ભગવાનના શિષ્યો ઉદાસ થઇ ગયા. આ યોગેશ્વરો લીલાસંવરણ પછી પણ પોતાના શિષ્યોપર કેવી કૃપા વરસાવે છે, આપણા સાઇનાથ પ્રભુ તો આજે નથી પણ

આપણે તેમની કૃપા કેવી રીતે પામી શકીએ! આવી અશ્રદ્ધા તેમને થઇ. ત્યારે સાઇનાથ મહારાજે પોતાના એક શિષ્યને સ્વપ્નમાં દર્શન આપ્યાં. તેમાં સાઇનાથ પ્રભુ સમુદ્ર ઉપર બેઠા હતા અને તેમના પગ સમુદ્રના પાણીમાં હતા. સાઇનાથે શિષ્યને આજ્ઞા કરી કે મારા ચરણોમાં મસ્તક મૂક, ત્યારે શિષ્યે કહ્યું કે કેવી રીતે મૂકું? આપનાં ચરણો તો સમુદ્રના પાણીમાં છે. તરત જ સાઇનાથ પ્રભુએ પોતાના એક પગને ઉંચો કરી કહ્યું કે હવે મસ્તક મૂક. તેમણે કહ્યું કે હું ગયો છું તેમ શા માટે માને છે? હું તો હાજર જ છું. સાઇનાથ પ્રભુએ ફરીથી કહ્યું કે તું આ જુએ છે તે સ્વપ્ન નથી, પણ સત્ય છે. પેલા શિષ્યો મારામાં અશ્રદ્ધાની વાત કરે છે તેમને જઇને કહેજે કે હું હાજર જ છું. તમારી આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક કલ્યાણની જવાબદારી લઇને બેઠો છું, પૂજા સ્વીકારવા જેટલો દૂર નથી, તેમને એક ધોતિયું પણ આપવાની સાઇનાથે વાત કરી, આ શિષ્યે ત્યાં જઇને વાત કરી, અને પ્રસાદરૂપે ધોતીયું આપ્યું. પણ પેલો શિષ્ય આ ધોતીયું સાઇનાથ પ્રભુએ જ આપ્યું છે તે વાત સ્વીકારવા તૈયાર ન થયો, ત્યારે ચિઠ્ઠીથી નિર્ણય લેવાનું નક્કી કર્યું તો ચિઠ્ઠીમાં હા આવી, એટલે તેણે ધોતીયું સ્વીકાર્યું. સાઇનાથ ચરિત્રમાં આ કૃપાપ્રસંગ આલેખાયેલો છે.

શ્રી નારણભાઇએ કહ્યું તેમ આપણા ગુરુજી પણ ક્યાંય ગયા નથી, એ હાજર જ છે, આપણી આંગળી તેમણે પકડી છે, આપણે પડશુ, આખડશું તો તેઓ પોતાનું બિરૂદ સંભાળી આપણું યોગક્ષેમ વહન કરશે, આપણી ભૂલો સુધારશે, આ જન્મનો જ આપણો સંબંધ નથી. માટે—



મનસા ભજો રે ગુરુ ચરણમ્

દુસ્તર ભવસાગર તરણમ્

ગુરુદેવ પ્રભુને સાચા મનથી ભજો, તેમના ઉપદેશનું આચરણ કરો. પૂ. મામાં ગુરુદેવનું દર્શન કરો. એજ આજના ગુરુપૂર્ણિમાના શુભપર્વે આત્મસાત્ કરીએ.

આજે આપ સૌએ મને સદ્ગુરુ સ્મરણ કરવાનો અવસર આપ્યો તેથી હું મારી જાતને ભાગ્યશાળી માનું છું, અને આપ સૌનો આભારી છું.

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

## * સદાયે રુદિયે રહેજો રામ *

આજે જાગ્યા આતમરામ
સદાયે રુદિયે રહેજો રામ–

ચાંદાએ ચંદરવો બાંધ્યો
વીજળી બાંધે દોર જી રે!
ઘટ ઘટમાં ઘેરૈયા ખેલે
નાચે મનનો મોર જી રે!
આજે દીઠાં હરિના ઠામ
સદાયે રુદિયે રહેજો રામ– ૧

લખ લખ તારા તેજ પ્રકાશે
સોહામણા શણગાર જી રે!
તરંગના તો તાલે ઝરણા
ગાયે છે મલ્હાર જી રે!
અલખ સૂર સરવરના જામ
સદાયે રુદિયે રહેજો રામ– ૨

પંચતત્ત્વના પિંજર માંહીં
બોલે આતમ પંખી જી રે!
અમે અલગારી ઓલિયા
રહીએ તમને ઝંખી જી રે!
વસીએ અમરાપુરને ધામ
સદાયે રુદિયે રહેજો રામ– ૩

—પ્રાગજી ડોસા



## * નિરાશ ન કરતી *

હે મા!
હું પોકારું છું તને–
રોજ રોજ–એક હજારવાર; કે તેથીય વધારે,
છતાં તું મૂંગી કેમ છે?
સંસારમાં પણ
કોઈને બેચાર સાદ પાડીએ.
અને ન બોલે એવું બનતું નથી.
તો શું તારે ત્યાં કોઈ નવી રીત છે?
નવાં ધોરણો કે નવી પ્રણાલિ છે!
અમારે ત્યાં ન સાંભળનારને
લોકો બધીર કે બેધ્યાન કહે છે.
પરંતુ તું તો એવી નથી.
તો ક્યારે પ્રકટીશ મારી સામે!
આતુર આંખે તારી રાહ જોઈ રહ્યો છું.
હે મા, તારા આ બાળકને નિરાશ ન કરતી.

—'સર્વેશ્વરી ચરણરજ'

# સદ્ભાવભરી ભેટ

૧૩૬૦ શ્રી ઈશ્વરભાઈ સી. છાટબાર, અમદાવાદ–ગલ્લામાંથી.

૫૦૧ ચિ. ચિરાગ અમિતભાઈ શાહ, હા. કોકિલાબેન શાહ–ગલ્લામાંથી.

૧૦૧ અમદાવાદના એક સાધક તરફથી.

૧૦૧ અમદાવાદના એક સાધક તરફથી.

૧૦૧ ચિ. અર્પણકુમાર બળવંતભાઈ ભક્ત, કપુરા–જન્મદિન નિમિત્તે.

૧૦૧ શ્રી નિર્મળાબેન મગનભાઈ ભક્ત.

૧૫૧ શ્રી પ્રતીક્ષાબેન જીતેન્દ્રકુમાર ભક્ત, તરસાડી.

૧૦૧ શ્રી નટવરભાઈ રણછોડભાઈ ભક્ત, ધામણ.

૨૨૫ શ્રી જેકીસનભાઈ મોરારભાઈ ભક્ત, નેત્રંગ–પિતાશ્રીની પુણ્યસ્મૃતિમાં.

૧૦૧ શ્રીમતી કુન્દનબેન વિજયસિંહ રાણા, વડોદરા.

૨૫૧ શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, વડોદરા.

૨૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી–સ્વૈચ્છિક નિવૃત્તિ લેતાં.

૧૦૦ શ્રી રમેશભાઈ જગુભાઈ પટેલ, સુરત.

૧૦૧ શ્રી વિપુલ કાન્તિલાલ શુક્લ, અમદાવાદ–બી. એસ સી. માં પાસ થતાં, હા. કુસુમબેન.

૪૧૬ શ્રી જીતેન્દ્ર પી. મિસ્ત્રી, કડીપાણી.

૮૫ શ્રી જીતેન્દ્ર મિસ્ત્રી તરફથી તેમનાં ધર્મપત્નીના જન્મદિન નિમિત્તે તેમજ,



૪૦ શ્રી પુત્ર કશ્યપના જન્મદિન નિમિત્તે તથા

૩૧ પુત્ર કશ્યપ ધોરણ દસમામાં ફર્સ્ટ ક્લાસમાં પાસ થતાં.

૨૫૧ શ્રી ભગવતીબેન બી. પટેલ, મોરબી–પુત્રજન્મ નિમિત્તે.

૫૧ ચિ. સ્નેહલ પી. પટેલ, મોરબીના સાતમા જન્મદિન નિમિત્તે.

૨૧ શ્રી રેવાબેન કે. પરમાર, રાજકોટ.

૫૧ શ્રી ઈન્દ્રવદન મો. શાહ, જૂનાગઢ.

૧૧ શ્રી સી. કે. ત્રિવેદી, બોરીવલી.

૧૦૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જપી, મુંબઈ–પૌત્ર રાજીવના જન્મદિન નિમિત્તે.

૧૦૧ શ્રીમતી ચિત્રાબેન જીતેન્દ્ર પંડ્યા, મુંબઈ.

૧૧ શ્રી સનતકુમાર જયશંકર દ્વિવેદી, મુંબઈ.

૧૫૧ કુ. ધરા રાજેન્દ્ર જાની, ભાવનગર.

૫૦૦ શ્રી ચંચળબેન ઈશ્વરભાઈ પંચાલ, મુંબઈ.

૨૫ શ્રી મહેન્દ્ર ટી. વ્યાસ, વડોદરા.

૧૦૧ શ્રી ચંપકલાલ પી. શાહ, વડોદરા–પુત્રો મયૂર ને પંકીલના જન્મ નિમિત્તે.

૨૫ શ્રીમતી ભાનુબેન એમ. જોષી, પોરબંદર.

૨૧ શ્રી ભૂપેન્દ્ર બી. સુરતિયા, ભરૂચ–પગારમાં સ્ટેપીંગ અપ વહેલું થાય એ નિમિત્તે.

૫૧ શ્રી હરસુખભાઈ પંડ્યા, રાજકોટ–મિત્ર સ્વ. ગિરધર એમ. પટેલનું અકાળે અવસાન થતાં તેના મોક્ષાર્થે.

૧૦૧ શ્રી નિરંજન મ. શાહ, વડોદરા–તરફથી પિતાજી મણિલાલના સ્વર્ગવાસ નિમિત્તે.

૧૧ શ્રી ગીતાબેન ટી. ચૌહાણ, સુરેન્દ્રનગર.

૧૧ શ્રી કરૂણાશંકર એમ. ભટ્ટ, મોરબી.

૫૧ શ્રી આચાર્યશ્રી જાદવજી શણી શનાળા, વાયા મોરબી.

**ગુરુપૂર્ણિમા નિમિત્તે રગ્બીના ભક્તોની સહાય**

ઇંગ્લેન્ડના રગ્બી શહેરમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ઘણા ભક્તો રહે છે. તેઓ પ્રારંભથી જ અધ્યાત્મના ગ્રાહકો બન્યા છે એટલું જ નહિ, પરંતુ ગુરુપૂર્ણિમા તેમ જ બીજા પ્રસંગોએ અધ્યાત્મને નિયમિત સહાય પણ મોકલતા રહે છે. આ વર્ષે તેઓ તરફથી આવેલ સહાય નીચે પ્રમાણે છેઃ—

૧૧૮૩ શ્રી અંબાલાલભાઇ તથા શ્રી મણિબેન મિસ્ત્રી.

૩૧૩ શ્રી મોરારભાઇ મિસ્ત્રી.

૩૧૩ શ્રી ગણપતભાઇ મિસ્ત્રી.

૨૮૦ શ્રી રતિભાઇ મિસ્ત્રી.

૨૮૦ શ્રી દુર્લભભાઇ મિસ્ત્રી.

૨૮૦ ગં. સ્વ. મણિબેન ખુશાલભાઇ મિસ્ત્રી.

૨૮૦ શ્રી કાશીબેન શ્રી રતિભાઇનાં માતાજી.

૨૮૦ શ્રી કેશવભાઇ પી. ટેલર.

સર્વે દાતાઓને અભિનંદન ને શુભાશીષ.

* * *

પરદેશમાં વાર્ષિક લવાજમ (By Air Mail) રૂ. ૧૨૫/– છે.
ઘરનું સરનામાં બદલાતાં તુરત તંત્રીને ખબર આપો.

તંત્રી



# મૃત્યુનો ભય

મહાત્મા શ્રી યોગેશ્વરજી

મૃત્યુનો ભય કોને નથી? સંસારમાં તે ભય સર્વત્ર વ્યાપેલો દેખાય છે. મૃત્યુની કલ્પના પણ માણસને કંપાવી કે ધ્રુજાવી મૂકે છે. મરનારની પાછળ માણસો શોક કરે છે, રડે છે ને બીજાને પણ રડાવે છે. કેટલાક માણસો તો એવા છે કે જેમને મૃત્યુનો વિચાર પણ આવતો નથી. આ ભાડુતી ઘરને ખાલી કરીને સૌએ એક દિવસે એકાએક વિદાય થવાનું છે, એ વાતનું સ્મરણ પણ તેમને રહેતું નથી, ને સંસારની ભાડુતી ધર્મશાળાને પોતાની માની, આ સંસારમાંથી કોઇવાર જાણે વિદાય થવાનું જ ના હોય એમ સમજી લઇ, તે અનેક જાતની સારી નરસી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહે છે. સંસારને છોડીને જવાનું તેમને કડવું લાગે છે. મરણપથારીએ પડેલો માણસ સંસારને યાદ કરીને રડે છે. વિદાય લેવાનો વખત આવે છે, ત્યારે તેની નજર સામે સંસારના માયાવી રૂપો હાજર થાય છે; તેની મતિ મુંઝાય છે, નસો ખેંચાય છે, ને તેનો પ્રાણ કેમે કરીને શરીરમાં થયેલી મમતાનો ત્યાગ કરવા માટે તૈયાર થતો નથી.

જે જન્મ્યું તે મરવાનું જ છે. મૃત્યુ સૌને માટે નક્કી છે. આ સંસારના પ્રવાસે આવીને જે જીવ જીવનની અવનવી ગાડીમાં બેસી ગયો, તે જન્મ મરણની રિટર્ન ટિકિટ લઇને જ આવે છે.

સંસારમાં આવા આવા પ્રસંગ વારંવાર બન્યા કરે છે. તેનું કારણ મૃત્યુનો ખોટો ભય છે. માણસે મૃત્યુનો ભય દૂર કરવાની જરૂર છે. મૃત્યુનો ભય દૂર કરવા શું કરવું? સૌથી પહેલાં તો તે

સમજી લેવું કે જન્મ ને મૃત્યુ સ્વાભાવિક છે, એક સિક્કાના બે પાસા જેવાં છે. તાપની સાથે છાયા રહે છે જ, ને દિવસની પાછળ રાત પણ લાગેલી છે તે પ્રમાણે જન્મ ને મૃત્યુ એકમેક સાથે વળગેલાં જ છે. મરણ એક સ્વાભાવિક ને ટાળી ના ટળે તેવી ને ઘટ સાથે જડેલી વસ્તુ જ છે, તો તેનાથી ડરવાની જરૂર શી છે? તેને ભેટવા માણસે સદાયે તૈયાર ને પ્રસન્નપણે તૈયાર શા માટે ના રહેવું? તેનાથી ડરવામાં કાયરતા રહેલી છે.

ને મૃત્યુથી ડરવાનું કારણ પણ શું છે? સમસ્ત સંસાર એક ઈશ્વરની જ રચના છે. ઈશ્વરની યોજના પ્રમાણે જ તે ચાલે છે ને તે યોજના પણ મંગલ છે. માણસ, સિંહ ને વાઘ તથા વીંછી ને સાપથી ડરે છે, ને શત્રુથી બીએ છે. તે એમ માને છે કે તેનું જીવન એ બધા જીવોની સામે સલામત નથી. એ બધા જીવો તેને માટે નુકશાનકારક છે એમ સમજીને જ તે ડરે છે.

મૃત્યુના ડરનું કારણ પણ એ છે કે માણસ મૃત્યુના સાચા સ્વરૂપને સમજતો નથી, ને મૃત્યુને અમંગલ તથા હાનિકારક માને છે, આ માન્યતા ખોટી છે. માણસ જો સારી પેઠે વિચાર કરે તો તેને જણાશે કે મૃત્યુ તેને માટે અમંગલ નથી, પણ આશીર્વાદરૂપ છે. માણસ જેમ જૂનું કપડું ઉતારીને નવું કપડું પહેરે છે, તેમ જૂનું શરીર છોડવાની ક્રિયાનું નામ મૃત્યુ છે.

તેની જરૂર માણસને માટે કરેલી બધી ભારે છે? શરીર મોટું થાય છે તેમ તેમ ઘસાતું જાય છે. તેની શક્તિનો ક્ષય થતો જાય છે, તેવા શરીરને બદલીને નવા ને વધારે સારા શરીરને ધારણ કરવાનો લાભ આપીને ઈશ્વર માણસ ઉપર ઘણો મોટો ઉપકાર કરે



છે. સંસારમાં જો મૃત્યુની વ્યવસ્થા ના હોત તો શું થાત? તેનો વિચાર તો કરો. દરેક જીવને ગમે કે ના ગમે છતાં પોતાને જન્મથી વારસામાં મળેલા એક જ જાતના વાતાવરણમાં કાયમને માટે રહેવું પડત. મૃત્યુદ્વારા તેને નવા વાતાવરણમાં ફેરબદલી કરવાનો લાભ મળે છે, ને નવા વાતાવરણમાં તે નવેસરથી પોતાનો સંસાર શરૂ કરી શકે છે.

સંસારમાં કેટલાય જીવો જીવનભર દુઃખી દેખાય છે. કેટલાક જીવો બીજાના અહિત કે અમંગલને માટે જ જીવતા હોય તેવું લાગે છે. એવા જીવોના જીવન પર મૃત્યુનો પડદો પાથરીને ઈશ્વર તેમનું ને બીજાનું કલ્યાણ જ કરે છે. મૃત્યુ આવી રીતે મંગલકારક છે. માણસને ગમે કે ના ગમે, છતાં જન્મ ને મરણના ચક્રમાં તેણે ફરવાનું જ છે. જન્મ ને મરણના ચક્રમાં ફેરવનાર જે કર્મો છે તેના બંધનમાંથી તે મુક્તિ ના મેળવે, અથવા તો જન્મ ને મરણના નિયંતા ને સૃષ્ટિના સ્વામી પરમાત્માની સાથે તે સંબંધ ના કરે, ત્યાં સુધી આ ચક્રમાંથી છૂટવાનું તેને માટે મુશ્કેલ છે. એટલે જન્મ ને મરણમાંથી છૂટવા માટે માણસે ઈશ્વરનું શરણ લેવું જોઈએ.

**મૃત્યુને જીતી શકાય છે.**

મૃત્યુને જીતી ના શકાય એમ માનવું ભૂલભરેલું છે ઈશ્વરની કૃપાથી માણસ મૃત્યુંજય બની શકે છે. શરીરને ઈચ્છા પ્રમાણે રાખી ઈચ્છા પ્રમાણે છોડી શકે છે. ભારતના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ આ માટેની સાધના તૈયાર કરી છે. મૃત્યુને જીતવા માટે ભારતમાં યોગના મહાન પ્રયોગો કરવામાં આવ્યા છે ને તે પ્રયોગો સફળ થયા છે. મરણ સૌને માથે ભમ્યા કરે છે, ને માણસ મૃત્યુનો

ગુલામ છે, એ વાતોનું તે પ્રયોગોએ ખંડન કર્યું છે.

માણસ પોતાની નબળાઈને લીધે મૃત્યુનો દાસ ને પ્રકૃતિનો ગુલામ છે ને જો તે ધારે ને શક્તિનો વિકાસ કરે, તો મૃત્યુને પ્રકૃતિનો સ્વામી બની શકે છે એ મહાન ને અનુભવસિદ્ધ વિચારનો વારસો ભારતના મહાન યોગીઓ સમસ્ત માનવજાતિને માટે મૂકતા ગયાં છે. ચાંગદેવે કાળપર કાબુ કરવાની કળા હસ્તગત કરી લઈને ૧૪૦૦ વરસનું આયુષ્ય સાધ્ય કર્યું હતું, ને જ્ઞાનેશ્વર પાસેથી શાંતિ મેળવી હતી. વ્યાસ, નારદ તથા હનુમાન અમર ગણાય છે, ને સાધકોને આજે પણ દર્શન આપે છે.

સંત જ્ઞાનેશ્વરે જીવતાં સમાધિ લીધી તે પછી લગભગ ૩૦૦ વરસે મહાત્મા એકનાથને પોતાના સમાધિસ્થાન આલંદીમાં આવવાની પ્રેરણા કરીને પોતાનું દર્શન આપ્યું હતું. ભારતના યોગી પુરુષો પોતાના જ મૃત્યુ પર નહિ, પણ બીજાના મૃત્યુ પર પણ કાબુ ધરાવતા હતા. જન્મ ને મરણ પર તેમનું સંપૂર્ણ સ્વામિત્વ હતું. આત્મા તો અમર છે જ પણ શરીરની અમરતાના પ્રયોગો પણ તેમણે કર્યા હતા. માણસ મૃત્યુનો જય કરીને વરસો સુધી જીવી શકે પણ એટલાં બધાં વરસો પછી પણ તેને શરીરત્યાગ તો કરવો જ પડેને? કેટલાક માણસો એવો પ્રશ્ન પૂછી ઊઠશે. તેમણે યાદ રાખવું જોઈએ કે મૃત્યુવિજય કરી ચૂકેલા પુરુષો ઈચ્છાનુસાર શરીર ધારણ કરીને છોડી શકે છે, ને શરીરમાં ઈચ્છાનુસાર રહી શકે છે. તે પ્રમાણે રહેવાથી લાભ છે કે કેમ તે જુદી વાત છે, પણ માનવના પુરુષાર્થ સિદ્ધિના ઈતિહાસમાં મૃત્યુના વિજયનું સ્થાન મહત્ત્વનું છે.



મૃત્યુ સ્વાભાવિક ને અવશ્યંભાવિ છે, માટે તેનો શોક નકામો છે આટલી સિદ્ધિ માણસ મેળવી શકે તો પણ ઘણું. તે મૃત્યુથી ડરે નહિ, મૃત્યુનો શોક ના કરે ને સમય આવે ત્યારે જરાય કષ્ટ કે વિષાદ વગર હસતાં હસતાં શરીર છોડી શકે, તો પણ તેને માટે ઘણું છે.

મૃત્યુનો સમય આવે છે તે પહેલાંથી જ તે રોકકળ કરી મૂકે છે. ને શોકમાં ડૂબી જાય છે. લાંબા વખતથી જે શરીરને પોતાનું સમજીને પ્રીતિપાત્ર બનાવી દીધું છે, તેને છોડવાનો વખત આવતાં તે ગભરાઈ જાય છે, ને અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા માંડે છે. છતાં મૃત્યુ આગળ તેમનું કાંઈ ચાલતું તો નથી જ, મૃત્યુની જાળમાં તો તેમને જકડાવું જ પડે છે.

મરણ વખતે આવી કફોડી દશા ના થાય, ને મરણનો ભય સદાને માટે દૂર થાય, તે માટે માણસે તૈયારી કરી લેવાની જરૂર છે. મરણ કોઈ યે કાળે ને સ્થળે ઉત્સવરૂપ બની જાય તેવી તૈયારી કરવાની જરૂર છે. જીવનમાં ઉત્તમ કર્મો કરતા રહેવાની જરૂર છે જે જીવનને ઉત્સવરૂપ કરી શકશે. તેને માટે મૃત્યુ પણ મહોત્સવ જેવું બની જશે એમાં સંદેહ નથી.

મૃત્યુનો અનુભવ માણસને રોજીંદા જીવનમાં થઈ શકે છે. આપણે નિદ્રાધીન બનીએ છીએ તે દરમ્યાન શરીર ને સંસારનું ભાન જતું રહે છે. એ નાનું મૃત્યુ છે. બહારગામ કે દૂર દેશાવરના પ્રયાસે ઉપડેલો માણસ પોતાના સ્નેહીસંબંધીથી દૂર જતો રહે છે. કેટલાય જુદા જુદા દેશોમાં તે પ્રવાસ કરે છે.

મુંબઈનો માણસ દિલ્હી કે કલકત્તા જાય એટલે તે પોતાના

ઘર ને કુટુંબથી વિખૂટો પડે છે. આ પણ એક પ્રકારનું મૃત્યુ જ છે. પણ જીવતું મૃત્યુ છે. આ દશામાં માણસ દૂરના દેશમાં બેસીને પણ પોતાનાં સ્વજનોના સમાચાર મેળવી શકે છે, ને ઇચ્છા પ્રમાણે તેમને મળવા પણ જઇ શકે છે. ખરેખરા મૃત્યુમાં આ માટે અવકાશ નથી રહેતો. મરણ પામેલા માણસના સમાચાર તેનાં સ્વજનોને નથી મળતા, મરણ પામેલાં માણસને પણ પોતાના ખબર અંતર પહોંચાડવાનું તેના સ્વજનો માટે અસંભવ બને છે. એટલે રોજીંદા જીવનમાં માણસે મૃત્યુની તાલીમ લેવી જોઇએ.

## ગ્રાહકોને

સપ્ટેમ્બર, ૯૦ માં અધ્યાત્મનું અગિયારમું વર્ષ પૂરૂં થાય છે. તો જે વાંચક ભાઇબહેનો વાર્ષિક સભ્યો હોય તેઓ પોતાનું રૂા. ૧૫ નું લવાજમ કેન્દ્રો મારફતે અગર સીધું તંત્રીને નીચેના સરનામે મોકલાવેઃ–

નારાયણ હ. જાની
તંત્રી–અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર,
ભાવનગર–૩૬૪૦૦૧.



## પ્રાર્થના

ગુરુદેવ છે મારા મહાત્યાગી, જેનાં નામની ધૂન મને લાગી,
સદાચારી જીવન ને વીતરાગી, એતો અંતરમના અનુરાગી.

ના કટુતા કુથલી વાણી મહીં, વળી કામ ને ક્રોધ જરાય નહીં,
એવી નિર્મળ જેમની વાણી છે, પ્રભુ પ્રેમની એ સરવાણી છે.

ક'દિ વાદવિવાદમાં ના પડતા, સદા ધ્યાન ધણીનું તે ધરતા,
જેનું જીવન સત્યપરાયણ છે, એ નર નથી નારાયણ છે.

જેને સુણતાં આતમ જ્ઞાન મળે, નવજીવન દિશા સૂઝ જડે,
ગ્રહી સાધક નિશદિન ધ્યાન ધરે, તો જન્મમરણના ફેરા ટળે.

જેનાં નયનો નેહથી નિતરતાં, અધ્યાત્મની આભાથી ઝરતાં,
સદા પતિતને પાવન કરતાં, પામી દર્શન ધન્ય સહુ બનતા.

સદ્‌ગુરુની કરુણા જ્યાં વરસે, સદા શાંતિનો સાગર ત્યાં છલકે,
નિજાનંદ અતિ ઉરમાં મલકે, કિરતાર પછી સન્મુખ હસશે.

—રાજેશ કાપડિયા (ભાવનગર)

## સરલ ગીતા

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી રચિત સરલ ગીતા (શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો ગુજરાતી સરળભાષામાં કાવ્યાનુવાદ) હવે છપાઇ રહ્યો છે. તો જે ભાઇબહેનોને તે જોઇતી હોય તેઓ તંત્રી અધ્યાત્મનો ઉપરના સરનામે સંપર્ક સાધે. મૂલ્ય રૂા. ૫ (પ્લાસ્ટીક જેકેટ) ટપાલ ખર્ચ અલગ.

તંત્રી

# પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અનુકૂળ

હર્ષદ તલાટી (કેનેડા)

આ વર્ષે પૂ. મા શ્રી સર્વેશ્વરી માર્ચ માસમાં અમેરિકાના ન્યુજર્સીના નોર્થ બરગનમાં શ્રી વિનોદભાઇ પટેલને ત્યાં હતાં. કેનેડાના પૂ. શ્રીના ભક્તોએ વિનંતિ કરી "પૂ. મા તા. ૧૮ મી માર્ચે કેનેડા પધારો."

બાળકોની ઇચ્છાને મા થોડી અવગણે? પૂ. માએ તુરત હા પાડી. તો એક ભક્તે વળી કહ્યું, "મા, મારે ત્યાં વીંડસરમાં પધારો. હું બધી જ વ્યવસ્થા કરીશ." શ્રી દીપકભાઇ ઘોડીવાલાની આ ભાવનાને બીજાઓએ પુષ્ટિ આપતાં, વીંડસરનો કાર્યક્રમ નક્કી થયો.

વીંડસર શહેર નાયગ્રા ફોલ્સની પાસે અને નોર્થ બરગન અને ઓન્ટારીઓની વચ્ચે. અહીં આવવા માટે ડીટ્રોઇટ એરપોર્ટ ઉતરવું પડે. પૂ. મા કાર્યક્રમના આગલા દિવસે નોર્થ બરગનથી નીકળ્યાં. નજીકના વિમાન ઘરે આવ્યાં, ત્યારે હવામાન ખૂબ પ્રતિકૂળ, ખૂબ ઠંડી ને વરસાદ પડે. પૂ. માની તબિયત પણ સારી નહિ. શરીરમાં તાવ અને દુઃખાવો. વિમાન મથકે આવ્યાં તો ખબર પડી કે વિમાન મોડું છે. સતત ચાર કલાક સુધી બેસી રહેવું પડ્યું. આમ બધી જ પ્રતિકૂળતાઓને પૂજ્ય માએ ગૌણ ગણી અને વિમાન મથકે તાવવાળા શરીરે બેસી રહ્યાં. કોઇ ફરિયાદ નહિ.

છેવટે વિમાન આવ્યું અને જ્યારે ડીટ્રાઇટ ઉતરીને વીંડસર પહોંચ્યાં ત્યારે રાત્રે અગિયાર વાગી ગયા હતા. ત્યાં ગયા પછી



ખબર પડી કે પૂજ્ય માના આગમન પ્રસંગે સત્સંગનો કાર્યક્રમ રાખેલો છે, અને કેટલાય સાધકો પૂજ્ય માના આગમનની મોડી રાત્રે પણ રાહ જોઇને બેઠા છે.

આની જાણ થતાં શારીરિક પીડાને અવગણીને પૂજ્ય મા સત્સંગની બેઠકમાં પધાર્યાં. અહીં કેટલાક નવા ભક્તો પણ હતા. બધાંને એમ હતું કે પૂજ્ય મા હવે તો નહીં જ આવે. આમ છતાં. આટલી મોડી રાતે અને નાદુરસ્ત તબિયતે પૂ. મા ભક્તો વચ્ચે ઉપસ્થિત થયાં કે તુરત જ બધા ભક્તો આશ્ચર્ય સાથે આનંદમાં આવી ગયા.

પૂજ્ય માએ સૌને સત્સંગ કરાવ્યો અને જાણે બધાને ખાતરી કરાવી કે પૂજ્ય માના શારીરિક દુઃખની એક માત્ર દવા ભક્તોનો મેળાપ જ ના હોય?

* * *

તારીખ ૧૮ માર્ચના કાર્યક્રમ માટે કેટલાય ભક્તો અગાઉથી ટોરેન્ટોથી વીંડસર આવેલા. તેઓએ ખૂબ પરિશ્રમ કરી હોલને સરસ રીતે સજાવેલો. પરદેશમાં આવી સજાવટ કરવાનું કામ ઘણું અઘરું. વસ્તુઓ દૂર દૂરથી લાવવી પડે અને ફૂલો ખૂબ મોંઘાં. પરંતુ જ્યાં ભાવ હોય ત્યાં વસ્તુની મોંઘાઇ ગૌણ બની જાય એનું દર્શન આ સજાવટમાં થયું, સરસ સજાવટ જોઇ પૂ. મા પ્રસન્ન થયાં.

આ સત્સંગની બેઠકમાં સત્ય સાઇબાબાના ભક્તો તેમ જ ગુજરાતી કે હિન્દી ન જાણનારા કેનેડીયન ભાઇબહેનો ઉપસ્થિત રહેલાં. તેઓને પૂજ્ય માની વાતો સમજાતી નહિ. આમ છતાં તેઓ એક પ્રકારની શાંતિનો અનુભવ કરતા. પૂજ્ય માની સૂચનાથી

તેમના વક્તવ્યનો અનુવાદ થોડી થોડી વારે શ્રી સુરેશભાઈ શાહ વડે હિન્દી અને અંગ્રેજીમાં કરવામાં આવતો. જેથી ગુજરાતી ન જાણનાર ભાઈબહેનોને તેનો લાભ મળે.

હોલમાં એરકન્ડીશન હતું. પરંતુ હીટર બગડી ગયેલું એટલે બધા જ ભક્તો ચિંતામાં પડી ગયા. તેઓને થયું કે પૂજ્ય માને હવે ખૂબ ઠંડી લાગશે. વળી કાર્યક્રમ પણ ચાર કલાકનો લાંબો. ભક્તો પણ ગરમ કપડાં પહેરી અને મફલરો વીંટીને બેઠેલા. એટલે શું કરવું તે માટે મૂંઝવણમાં પડી ગયા! પરંતુ ભક્તોના આશ્ચર્ય વચ્ચે પૂજ્ય માએ આવીને હીટરને બદલે પંખો ચાલુ કરવાની સૂચના આપી. જાણે પૂજ્ય મા કહેતાં હોય કે હીટરની ચિંતા શું કામ કરો છો. મને તો ઠંડી નહીં પણ ગરમી લાગે છે! પોતાના આ વર્તનથી પૂજ્ય માએ ભક્તોને નિશ્ચિંત કરી દીધા.

સત્સંગમાં પૂ. માએ જણાવ્યું કે મનુષ્ય જીવન મળવું દુર્લભ છે પરંતુ તેનો સાચી રીતે ઉપયોગ કેટલા કરે છે? આપણું મોટા ભાગનું જીવન ઉંઘમાં અને એશઆરામમાં જ જાય છે. ભગવાનનું નામ લેવામાં તેમ જ કોઈકને મદદરૂપ થવામાં આપણા જીવનની જેટલી મિનિટો ખર્ચાય તેટલું જ આપણું સાચું જીવન. એટલે આપણું જીવન બને તેટલું પ્રભુમય કરવા પ્રયત્ન કરવો જોઈએ. સાંસારિક કામો અને ફરજોમાંથી સમય કાઢીને પણ પ્રભુને યાદ કરતાં રહેવું જોઈએ. એમ જણાવી પૂજ્ય માએ સ્વામી બ્રહ્માનંદનું એક સરસ પદ ગાયું. એનો ભાવાર્થ હતો કે આ સંસારની બધી જ વસ્તુઓ અનિત્ય છે અને થોડા દિવસ માટેનું જે આયુષ્ય મળ્યું છે તેનો સરસ ઉપયોગ કરી જીવન સાર્થક કરીએ.



"એ જગ દો દિનકા હૈ મેલા,
એ સબ ચલાચલીકા ખેલા."

* * *

સત્સંગ પૂરો થતાં ૨૫૦ માઈલ દૂરથી આવેલા ઓન્ટારીઓના ભક્તોને પૂ. માએ કહ્યું, "હવે આજનો કાર્યક્રમ પૂરો થયો છે. બહારગામથી બસમાં આવેલ ભક્તો જઈ શકે છે."

બહાર ઋતુ પ્રતિકૂળ હતી. વરસાદ, પવન અને ઠંડી. પરંતુ સાધકોને પૂ. માના વચનમાં વિશ્વાસ. એટલે બધી બાહ્ય પ્રતિકૂળતાઓને અવગણી સાધકો બસમાં નીકળી ગયા અને સુખરૂપ પોતપોતાના મુકામે પહોંચી ગયા. પ્રતિકૂળ પરિસ્થિતિમાં શ્રદ્ધા થવી અઘરી છે, છતાં જેમના મનમાં શ્રદ્ધા હોય છે તેમને કશી તકલીફ પડતી નથી. એની પ્રતીતિ આવા પ્રસંગોથી સંતપુરુષો કરાવતા હોય છે.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત - ૩૯૫ ૦૦૭.

મહાત્મા શ્રી યોગેશ્વરજી સાથેના પરિચયની પૂર્વ ભૂમિકા અને

# પરિચય

નારાયણ હ. જાની

[નોંધ : ઘણા સાધક ભાઈબહેનો એ જાણવાની જિજ્ઞાસા રાખતાં હોય છે અમારે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી સાથે બાળપણથી પરિચય થયો ને તે મિત્રતા, પૂજનીયતા અને અન્તે ગુરુભાવમાં કયી રીતે પરિણમ્યો તે પાછળનું કોઈ રહસ્ય ખરૂં? કોઈ પૂર્વ ભૂમિકા ખરી?

આ લેખમાં અમે તે સંબંધની પૂર્વભૂમિકા કેવી હતી તે રજુ કરી છે. આશા છે કે વાંચકોને અમારી આ અંગત વાત ગમશે. વળી પૂ. શ્રીના જન્મજયંતિના ઉપલક્ષ્યમાં આ લેખ પ્રસ્તુત લેખાશે.]

## મારી વાત

પરમ પૂ. શ્રી યોગેશ્વરજીના બાળપણના મારી સાથેના નિકટતમ પરિચય સિવાયની મારી વાત, સાવ સામાન્ય–દુનિયાંના અન્ય લાખ્ખો કરોડો માનવીઓની જેમ–અતિ સામાન્ય બની રહી હોત. તેમાં બનેલા કેટલાક વૈયક્તિક પ્રસંગો જરૂર નોંધનીય હોય; તોપણ, તે બીજાઓ માટે કેટલા ઉપયોગી કે પ્રેરણાદાયક બની શકત તે કહેવું મુશ્કેલ છે.

લોખંડના કોઈ રઝડતા ટુકડાને પારસમણિનો સ્પર્શ થઈ જાય અને તેના પરિણામે તેનું સ્વરૂપ અને મૂલ્ય બદલાઈ જાય–સાવ



સામાન્યમાંથી તે અસામાન્ય બની જાય, મૂલ્યહીનમાંથી મૂલ્યવાન થઈ જાય. એવું જ કંઈક હું મારા જીવનમાં અનુભવું છું.

પરમ પૂ. શ્રી યોગેશ્વરજીની બાળપણની મૈત્રીના પરિણામે મારામાં કેટલી આધ્યાત્મિક યોગ્યતા વધી છે, તેનું મૂલ્યાંકન હું કરૂં, તેના કરતાં મારા પરિચયમાં આવતા લોકો જ તે કરે તે વધુ ઉચિત છે, એમ હું, સમજું છું. એટલે લોખંડને પારસમણિના સ્પર્શના પરિણામે પ્રાપ્ત થતી ઉચ્ચ મૂલ્યવાન્ સ્થિતિ જેવું–હું કંઈક અનુભવું છું કેમકે મારી યોગ્યતા કરતાં પણ વિશેષ એવો લોકોનો આદર અને પ્રેમ મને મળતાં જણાયાં છે. આનાથી હું ઘણીવાર સંકોચ અને શરમ પણ અનુભવું છું. મારી નબળાઈઓ હું જાણું છું એટલે અંશે હું ગ્લાનિ પણ અનુભવું છું. આમ છતાં હું નમ્રપણે એટલું કહી શકું કે તે દૂર કરવાના પ્રામાણિક પ્રયાસો હું કરતો જ રહ્યો છું ને હજુ કરું છું, તેની પાછળ પણ શ્રી યોગેશ્વરજીની પ્રેરણા જ કામ કરી રહી છે.

આજે અર્ધી સદી કરતાં વધુ વીતી ગયેલ ભૂતકાળના એ દિવસો ઉપર નજર નાંખતાં તો ઈશ્વરની અપારકૃપાનું દર્શન કરતાં મારું હૃદય ગદ્ગદિત બને છે.

તે વખતના ઇડરના દેશી રાજ્યમાં આવેલ–બ્રહ્મપુરીના જાગીરદારી ગામમાં મારો બાળ ઉછેર થયેલો. ગામમાં તે વખતે પ્રાથમિક શાળા ન હતી. એટલે પાસેના ગામની ગામઠી શાળામાં શરૂમાં ભણ્યો. ખાસ્સી સાત વર્ષની ઉમ્મરે જ એકડો ઘૂંટતાં શીખ્યો. આમ છતાં દૈવયોગે–નવ વર્ષની ઉમ્મરે મારાં માતા સાથે મુંબઈ જવાનું થયું. પિતાજી મુંબઈમાં નોકરી કરતા હતા. માતા અને પિતા

બન્ને ધાર્મિક હતાં–સંસ્કારી હતાં, આર્થિક સંપત્તિ ન હતી છતાં તેમનાં દિલ પ્રેમાળ, પરોપકારી ને સંતોષી હતાં. તેમના આ ગુણોનો વારસો પણ અમો ત્રણે ભાઇઓ અને એક બેનને જાણ્યે અજાણ્યે પ્રાપ્ત થયો.

મારામાં સમજ આવ્યા પછી હું જોઇ શકતો કે પિતાજીને ઘર ચલાવવા માટે ખૂબ પરિશ્રમ કરવો પડતો. નોકરીની તેમની આવક પૂરતી ન હતી. આથી રાત્રે તેઓ કોઇ વેપારીના ચોપડા લખવા જતા ને ઘણીવાર રાત્રે મોડા આવતા. આમ છતાં તે ખૂબ નિયમિત રીતે ઈશ્વરસ્મરણ કરતા. બંધ આંખે તેઓ ગાયત્રીના એકાગ્રતાપૂર્વક એકાદ કલાક જપ કરતા. તેમની પૂજાના સમયે તે સહેજ પણ ખલેલ સહન કરી શકતા નહિ. અને ખલેલ કે વિક્ષેપ થતાં ગુસ્સે કે દુઃખી બની જતાં. તે સમયે આ બધું સમજાતું ન હતું. પરંતુ આજે તે સારી રીતે સમજાય છે. સાંકડી જગ્યામાં, પ્રતિકૂળ ભૌગોલિક પરિસ્થિતિઓમાં પણ તેઓ જે નિષ્ઠાપૂર્વક આ કરતા તેનું મહત્ત્વ તેની પાછળ રહેલી તેમની ભાવના ને શ્રદ્ધા આજે વધુ સારી રીતે સમજાય છે.

## પૂર્વભૂમિકા

પિતાજીના રોજીંદા જીવન વ્યવહારમાં તેમને ભાગ્યે જ ફુરસદ રહેતી. રજાના દિવસોએ પણ તેમને કંઇ ને કંઇ કામ રહેતું. આમ છતાં કદીક જ્યારે તેમને ફુરસદ કે નવરાશ મળતી, ત્યારે તેઓ મહાભારતના કથાના પ્રસંગો કે શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી વિવેકાનંદ કે સ્વામી રામતીર્થના જીવન પ્રસંગો ખૂબ રોચક શૈલીમાં કહેતા. તેમના આ કહેવામાં તેમની ભાવના અને ભક્તિભાવો



સંમિશ્રિત થતા, જે અમને ખૂબ અસર કરી જતા. ખાસ કરીને મારામાં શ્રી રામકૃષ્ણ પરમહંસ વિષે વધુ જાણવાની જીજ્ઞાસાનું બીજ આ વાતોમાંથી જ રોપાયેલું. કોણ જાણે કેમ, મને તેમની વાતો ખૂબ ગમતી, તેમની ઈશ્વરને 'મા સ્વરૂપે' ભજવાની વાત મને સૌથી વધુ અસર કરી ગઇ હતી. આથી જ શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવન વિષે જાણવાની ઉત્સુકતા સંતોષવા મેં પ્રયત્નો કરેલા, પરંતુ તે લગભગ હું અંગ્રેજી ચોથા ધોરણમાં આવ્યો ત્યારે જ સફળ થયા. ૧૯૩૫ ની તે સાલ હતી. અને આ વર્ષે જ પરમ પૂ. શ્રી યોગેશ્વરજીનો વર્ગના એક સહાધ્યાયી તરીકે મને પહેલો પરિચય થયો. એ પણ દૈવાનુયોગ જ લેખાય.

પરમ પૂ. શ્રી રામકૃષ્ણદેવનું જીવન વાંચતાં જ મારા ભાવુક દિલમાં તે વખતે ભાવોની ભરતી ઉઠતી. બીજી કોઇ ધાર્મિક સમજ તો ન હતી, પરંતુ કોણ જાણે કેમ પણ મને પણ પ્રભુને 'મા' તરીકે ભજવાની પ્રબળ લાગણી થતી. પરિણામે, કોઇ ધાર્મિક વિધિવિધાનની અજ્ઞાનતાને કારણે હું પણ જગદંબાને પ્રાર્થના કર્યા કરતો. ભાવોનો અતિરેક થતાં આંસુ ઉભરાતાં અને ઘણીવાર આવી સ્થિતિ કલાક દોઢ દોઢ કલાક ચાલતી.

મુંબઇની ચાલીની નાની ઓરડીમાં એકાંતમાં બેસી જગદંબાને પ્રાર્થના કરવાની અનુકૂળતા પણ ન હતી. આથી મેં આ માટે મધ્યરાત્રિ પછીનો સમય પસંદ કરેલો. આ સમયે પથારીમાંથી ઊઠી હું છાનોમાનો ચાલીના પથારીઓ રાખવાના ખાલી બાંકડા ઉપર બેસી જતો. પછી જગદંબાને પ્રાર્થના કરતાં ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થતાં, આંખમાંથી સતત આંસુઓ વહી જતાં.

કદીક પડોશીઓમાંથી કોઇ ઊઠીને બહાર આવતું, ત્યારે તેમને આથી આશ્ચર્ય પણ થતું. તેમાંના કોઇક મારાં બા-બાપુજીને પણ આ સંબંધે વાત કરતાં. પરંતુ રજાના દિવસો કે સંધ્યા સમયે પણ ઘણીવાર મને આ રીતે ભગવાનને પ્રાર્થના કરતાં તેઓ જોતાં તેથી તેમને આશ્ચર્ય ન થતું અને મારી આ ટેવ છે એમ તેમણે માની લીધેલું.

જરા વધુ વિસ્તારથી, આ પૂર્વભૂમિકાની વાત, થોડી આત્મશ્લાઘા જેવી લાગે છતાં પણ એટલા માટે કરી છે કે શ્રી યોગેશ્વરજીના મારી સાથેના પરિચયના કારણરૂપ મારી આ અણસમજણવાળી પ્રાર્થનાઓ જ હશે, એમ હું આજે વિશ્વાસપૂર્વક માનું છું.

'જગદંબાને' પ્રાર્થના કરતાં હું સતત ભાવપૂર્વક કહેતો કે હે મા, શ્રી રામકૃષ્ણદેવનાં તે મને દર્શન કરાવે; તેમ જ તેમનો જગદંબા માટેનો ભક્તિભાવ કેવો હશે, એની કલ્પનાઓ તેઓના જીવન પ્રસંગો વાંચતાં કરતો ને મારા જીવનમાં આવા કોઇ ભક્ત પુરુષનો મેળાપ શું થાય ખરો? એવા વિચારોમાં ઘણીવાર ખોવાઇ જતો. તે દિવસોમાં કલ્પના નો'તી કે એ દિવસોના 'સહાધ્યાયી' શ્રી ભટ્ટ દ્વારા જ મારા આ બધા ભાવો 'જગદંબા' પૂર્ણ કરશે ને જીવનમાં સાધના દ્વારા તેઓશ્રી આટલી બધી ઉચ્ચકક્ષાએ પહોંચશે? અણસમજ અને નિર્દોષભાવે કરેલી તે વખતની પ્રાર્થનાઓનો પ્રતિઘોષ, 'જગદંબા' ભાવિજીવનમાં આ રીતે પાડશે, તેની તો કલ્પના જ ક્યાંથી હોય!

**પ્રથમ મેળાપ**

મુંબઇની સેન્ડસ્હર્સ્ટ રોડ ઉપર આવેલી શ્રીમતી કબુબાઇ



લાલજી હાઇસ્કૂલમાં, હું અંગ્રેજી ચોથા ધોરણમાં ૧૯૩૫ ના જૂનમાં દાખલ થયેલો. ભૂલેશ્વરની મ્યુનિસિપલ શાળામાંથી સાત ધોરણોનો અભ્યાસ કરી, હું આ શાળામાં આવ્યો હતો.

આ વખતે ગુજરાતી ચોથા ધોરણથી મારી સાથે અભ્યાસ કરતા મારા મિત્ર શ્રી વિઠ્ઠલ પંડ્યા પણ આજ શાળામાં દાખલ થયેલા. આજે તો તેઓ પણ ગુજરાતી સાહિત્યના નવલકથાકાર તરીકે સારી ખ્યાતિ મેળવી ચૂક્યા છે. એમનો પણ શ્રી યોગેશ્વરજી સાથેનો પરિચય મારા જેટલો જ જૂનો. જો કે અમારી વચ્ચે જે નિકટતા અભ્યાસકાળ દરમ્યાન સ્થપાયેલી, તેટલી નિકટતા શ્રી પંડ્યા સાથે તે સમયે ન હોતી. પાછળથી તે વધી.

શ્રી યોગેશ્વરજીનું સાંસારિક નામ શ્રી ભાઇલાલભાઇ મ. ભટ્ટ હતું. નવી શાળામાં મને ચોથા ધોરણમાં સંખ્યા વધવાને લીધે, નવા શરૂ કરવામાં આવેલ વર્ગમાં મૂકવામાં આવ્યો. આ વર્ગના શિક્ષક તરીકે શ્રી કે. એમ. ઠક્કર પણ નવા નિમાયેલા. તેઓ એક રાષ્ટ્રીયભાવથી રંગાયેલા ભાવનાશાળી ખાદીધારી યુવાન હતા. તેઓ કરાંચીના શારદામંદિરના વિદ્યાર્થી હતા અને તેઓમાં ઉચ્ચભાવોનું સિંચન તેઓના ગુરુ શ્રી મનસુખરામ જોબનપુત્રાએ કર્યું હતું, એ મને પાછળથી ખબર પડી. શ્રી જોબનપુત્રાએ દેશના ભાગલા થતાં શારદાગ્રામની ખ્યાતનામ સંસ્થાની સ્થાપના સૌરાષ્ટ્રમાં કરી. દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં આજે તેનું આગવું નામ છે.

અમારા આ નવા વર્ગમાં 'લેડી નોર્થ કોટ ઓરફનેજ'માંથી આવતા અને અંગ્રેજી ચોથા ધોરણમાં અભ્યાસ કરતા, બધા જ વિદ્યાર્થીઓને મૂકવામાં આવ્યા. જોગાનુજોગ શ્રી યોગેશ્વરજી પણ

તેઓમાંના એક હતા. તે વખતે બોર્ડીંગનો યુનિફોર્મ સફેદ શર્ટ અને ખાખી ચડ્ડીનો હતો, એવું યાદ છે.

વર્ગમાં ખૂબ ઓછાબોલા ને કંઇક અંશે થોડા અતડા વિદ્યાર્થી પ્રારંભમાં લાગતા. તેમનો ચહેરો ખૂબ શાન્ત ને આંખો પ્રભાવશાળી લાગતી. તેઓ કંઇક સતત વિચારતા હોય, કે કંઇક ચિંતનમાં ડૂબેલા હોય તેવો ભાવ તેમના મુખ ઉપર ઘણીવાર પ્રતિબિંબિત થતો જણાતો.

વર્ગના શરૂના દિવસોમાં, મારે તેમની સાથે વાતચીતનો કોઇ પ્રસંગ પડેલો યાદ નથી. વર્ગમાં બોર્ડિંગના બીજા વિદ્યાર્થીઓ જ્યારે ખૂબ વાતો કરતા, ટોળટપ્પા મારતા ને અભ્યાસમાં ખાસ દિલચસ્પી લેતા જણાતા ન હતા, ત્યારે શ્રી યોગેશ્વરજી વર્ગની છેલ્લી બેંચ ઉપર બેસતા. સમયસર જ આવતા ને વર્ગમાં જરૂર વગરની કોઇ વાત ન કરતા.

શિક્ષક તરફથી પૂછાતા પ્રશ્નોના પણ તેઓ મુદ્દાસર જવાબ આપતા. તેઓ અભ્યાસમાં તેજસ્વી છે, એવી કોઇ છાપ શરૂમાં પડે તેવું તેમનું વર્તન ન હતું. એટલું ખરૂં કે એક શાન્ત સારા વિદ્યાર્થીની છાપ શરૂથી જ તેમના અંગે વર્ગમાં પડેલી. આથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહુ તેમની સાથે સારો વ્યવહાર કરતા.

આ સમય દરમ્યાન એક પ્રસંગે, શ્રી યોગેશ્વરજી જે કાવ્યો કે લેખો લખતા, તેમાંથી અમારા વર્ગશિક્ષક શ્રી ઠક્કરે તેની રજુઆત વર્ગમાં કરેલી. લખાણ ઘણું સારૂં હતું ને તેમની વયના વિદ્યાર્થીમાં હોય, તેના કરતાં ઘણી વધારે પ્રભાવશાળી મૌલિકતા તેઓમાં હોવાનું વર્ગમાં શિક્ષકે કહેલું. મારી પર તેમની તેવી જ છાપ પડી



હતી. એમ કહું કે તે પછી જ તેમની પ્રત્યે મારું સવિશેષ ધ્યાન ખેંચાયું. તેમના પ્રત્યે એક પ્રકારનું આંતરિક ખેંચાણ થયું, એમ કહું તોપણ તે ખોટું નથી.

તેઓશ્રીના અક્ષર ઘણા મરોડદાર ને પ્રભાવશાળી હતા. લખાણની પદ્ધતિ પણ તેમની આગવી રહેતી. આની પ્રતીતિ મને અમારી છ માસિક પરીક્ષાના પરિણામ વખતે થઇ. ભણવામાં હું ઠીક ઠીક હોંશિયાર ગણાતો. એટલે જ્યારે છ માસિકમાં તેઓ વર્ગમાં પહેલા આવ્યા, ને હું બીજો આવ્યો ત્યારે તેમની પ્રત્યે મારૂં ધ્યાન સવિશેષ ખેંચાયું, કારણ કે અભ્યાસમાં મને તે મારા હરીફ લાગ્યા. આવું મેં કલ્પ્યું ન હતું, કારણ કે વર્ગમાં તેઓએ કદી અસરકારક પ્રત્યુત્તરો વડે, પોતાની અભ્યાસમાંની પ્રતિભાને પ્રદર્શિત કરવાનું મુનાસીબ માનેલું નહિ. ઇરાદાપૂર્વક તેઓએ પોતાની પ્રતિભાની અભિવ્યક્તિ ટાળેલી, એવું મને તે પછી લાગ્યું, કારણ કે તેમનામાં આડંબરના ભાવનાનો સદંતર અભાવ હતો.

આ મારી તેઓ સાથેના પ્રથમ પરિચય પછીની છાપ.

(ક્રમશઃ)

# શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર-મોરબી

## ધ્યાન-સાધના-શિબિર

૧૫-૧૬ ઓગષ્ટ '૯૦

વિશ્વવંદ્ય વિભૂતિ મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રાગટ્ય દિન નિમિત્તે તા. ૧૫ તથા ૧૬ ઓગષ્ટ '૯૦ ના રોજ મોરબી ધ્યાન કેન્દ્રના ઉપક્રમે પૂ. માની આજ્ઞાથી મોરબી મુકામે ધ્યાન સાધના શિબિર અને પ્રાગટ્ય મહોત્સવનો કાર્યક્રમ ગોઠવેલ છે. કાર્યક્રમ ૧૫ મી ઓગસ્ટે સવારે ૧૦-૧૫ વાગે શરૂ થઈને ૧૬ મીએ સાંજે ૪-૦૦ વાગે પૂર્ણ થશે.

સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ, અમદાવાદ પ્રેરિત આ શિબિરમાં ભાગ લેવા માટે સહુ સાધક ભાઈબહેનોને નિમંત્રણ છે. રહેવા જમવાની વ્યવસ્થા ૧૪ મી સાંજથી છે.

તા. ક.:-કાર્યક્રમ તથા ઉતારાનું સ્થળ લોહાણા બોર્ડિંગ, વસંત પ્લોટમાં આરાધના પાન સામે છે. જૂના બસ સ્ટેન્ડથી લોહાણા બોર્ડિંગના રીક્ષાના આશરે રૂ. ૩/- થાય છે.

નોંધઃ-તા. ૧૪/૮/૯૦ ના રોજ રાત્રે ૧૦ વાગે જન્માષ્ટમી નિમિત્તે ભાગવતાચાર્ય પ્રો. જનાર્દનભાઈ દવે (ભાવનગર)નું "યોગેશ્વર શ્રી કૃષ્ણ" ઉપર જાહેર પ્રવચન.

લિ. દર્શનાભિલાષી
શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
મોરબી



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'પરંતુ લક્ષ્મણ આશ્રમભૂમિનો ત્યાગ નહિ કરે તો?' મારીચને શંકા થઈ.

'નહિ કેમ કરે? તમારો પોકાર સાંભળીને એ સીતાનો ત્યાગ કરશે જ. અને નહિ કરે તો પણ, પાછળથી હું એને ગમે તેમ કરીને મારી નાખીશ ને સીતાને હાથ કરીશ. તમે પહેલાં તમારું કામ પૂરું કરો, પછી મારે શું કરવું ને કેવી રીતે કરવું તે હું બરાબર જાણું છું. ગોદાવરી નદીનો સુંદર પ્રદેશ તો આ આવી પહોંચ્યો પણ ખરો.'

ગોદાવરી નદીનો પ્રસન્ન પ્રદેશ શરૂ થયો. થોડેક છેટે કેળના વનથી વીંટળાયેલો રામનો આશ્રમ પણ દૃષ્ટિગોચર થયો એટલે રાવણે રથને ધીમેથી નીચે ઉતાર્યો.

રથમાંથી સંભાળપૂર્વક બહાર નીકળીને રાવણ પોતાની વિશેષ શક્તિથી વેશપરિવર્તન કરીને બાજુના નિર્જન વિશાળ વનમાં છુપાઈ રહ્યો અને મારીચને એણે પુનઃ સઘળી સૂચના આપીને હિંમત તેમ જ આશીર્વાદ પ્રદાન કરતાં વિદાય કર્યો.

મારીચ સુવર્ણમૃગનું સુંદર સ્વરૂપ ધારણ કરીને આગળ વધ્યો. રાવણે એને ઉત્સાહ આપતાં કહ્યું. 'તમારે માથે અચાનક કોઈ સંકટ આવી પડે તો તમે એકલા છો એવું ના સમજતા. હું તમારી સાથે જ છું અને તમારી પાછળ પાછળ જરૂર પડતાં તરત જ આવી પહોંચીશ. સીતાને મોહિત કરીને રામ તથા લક્ષ્મણને આશ્રમથી દૂર લઈ જવાનું કામ કરી દેશો એટલે સીતાના હરણનું આગળનું કામ તો હું ચપટી વગાડતામાં પૂરું કરી દઈશ. તમારી સહાયતાના બદલામાં તમને મારા અડધા સામ્રાજ્યના સ્વામી બનાવીશ, ને લંકાપુરીમાં પાછા ફરીને તમારું બહુમાન કરીશ.'

મારીચની પાસે બીજો કોઈ માર્ગ ના રહ્યો એટલે એણે સુવર્ણમૃગનું સુંદર સ્વરૂપ લઈને રામના આશ્રમ આગળ ફરવા માંડ્યું એનું રૂપ અત્યંત અદ્ભુત હતું. રામની આશ્રમભૂમિ પર ફરતાં ફરતાં એણે લીલુંછમ ઘાસ ખાવા માંડ્યું સીતા ફૂલવાડીમાં ફૂલ તોડી રહી હતી. એની સામે આવીને એ રત્નમય મણિજડિત મૃગ ફરવા ને ચરવા લાગ્યું એટલે સીતાની દૃષ્ટિ સ્વભાવિક રીતે જ એના તરફ આકર્ષાઈ.

સુવર્ણ મૃગના દર્શનથી એને ભારે આશ્ચર્ય થયું. એણે રામ તથા લક્ષ્મણને પોકારીને કહ્યું. 'આ મૃગ તો જુઓ! એનું સ્વરૂપ કેટલું બધું અસાધારણ સૌંદર્યવાળું અને અલૌકિક છે? એને જોતાવેંત જ એના પ્રત્યે મારું મન આકર્ષાય છે.'

રામ પણ એ મૃગનું અવલોકન કરીને ઊંડા આકર્ષણનો અનુભવ કરવા લાગ્યા. એમણે કહ્યું 'આવા અલૌકિક મૃગનું દર્શન તો આજે જ થયું. એની શોભા એટલી બધી અનેરી છે કે એના સુંદર શરીર પરથી દૃષ્ટિ હટાવવાનું મન જ નથી થતું.'

સીતા બોલી, 'આ સુંદર મૃગ જો આપણા આશ્રમમાં હોય તો એની શોભા સાચોસાચ વધી જાય. તમે ગમે તેમ કરીને એને જીવતું કે મરેલું પકડી લાવો. એને જીવતું ના પકડી શકાય ને મરેલું પકડી લવાય તો પણ એની ચિત્રવિચિત્ર ચામડી આપણે બેસવાના આસન તરીકે કામ લાગે. માટે યુક્તિ પ્રયુક્તિપૂર્વક એને હાથ કરવાનો પ્રયત્ન કરો.'

લક્ષ્મણનું મગજ જુદી જ દિશામાં કામ કરી રહ્યું હતું. એના મનમાં બીજા જ વિચારો ઘોળાઈ રહેલા. એમને વાચા આપતાં કહ્યું. 'આ મૃગ અતિશય સુંદર છે તેની ના નહિ પરંતુ તેને જોઈને મારા મનમાં જુદી જ જાતના વિચારો પેદા થાય છે. મને તો પેલા મારીચ નામનાં રાક્ષસનું સ્મરણ થઈ આવે છે.'

'એને અને આ સુવર્ણમૃગને શું સંબંધ?' સીતાએ પૂછ્યું.

'સંબંધ કેમ ના હોય? આ પહેલાં તે કપટી રાક્ષસે અનેક વાર મૃગનું રૂપ ધારણ કરીને વનમાં શિકાર માટે આવેલા રાજાઓનો નાશ કર્યો છે. એ રાક્ષસની બુદ્ધિ અતિશય દુષ્ટ છે એટલે એ કયે વખતે શું કરે તે સંબંધી કશું



જ સ્પષ્ટ રીતે સમજી કે કહી ના શકાય. આ મૃગનું રૂપ ધારણ કરીને આપણને ભુલાવામાં નાખવા માટે એ પોતે જ ફરતો હોય એવું પણ બની શકે.'

'લક્ષ્મણનો સ્વભાવ ઘણો શંકાશીલ લાગે છે?'

'એની શંકાની પાછળ કશુંક તથ્ય પણ હોઈ શકે.' રામે કહ્યું, 'કોઈ રાક્ષસે પણ આવું સુંદર સ્વરૂપ ધારણ કર્યું હોય. પરંતુ આ સુવર્ણમૃગના રૂપમાં કોઈક રાક્ષસ હોય તો પણ શું? રાક્ષસોનો સંહાર કરવો એ તો આપણું કર્તવ્ય છે. ઋષિમુનિને પીડા પહોંચાડતા અને બીજા નિર્દોષ જીવોની હત્યા કરતા રાક્ષસોને નષ્ટ કરવાનું તો આપણું વ્રત છે. એ વ્રતનું પાલન કરતાં તો આપણે અહિં રહીએ છીએ. એટલે આ મૃગનું રૂપ મારીચે અથવા કોઈક બીજા રાક્ષસે ધારણ કર્યું હશે તો પણ એનો નાશ કરવાની પ્રવૃત્તિ યોગ્ય જ છે. અને જો એ સાચેસાચ કોઈ મૃગ હશે તો પણ શું? તો પણ એને પકડવાથી કે મારવાથી સીતાને સંતોષ થશે.'

સીતાએ રામના વિચારોનું સમર્થન કર્યું એટલે સીતાની રક્ષા કરવાનું કામ લક્ષ્મણને સોંપી રામ એ સુવર્ણમય મણિજડિત મૃગને પકડવા માટે તૈયાર થયા. સુવર્ણમૃગ રામના મનોભાવને જાણી લઈને, પોતાનો પુરુષાર્થ ફળવાની પ્રતીતિ સાથે દોડવા લાગ્યું. એના રૂપમાં રહેલો મારીચ ઘડીમાં વનની ગીચ ઝાડીમાં અદૃશ્ય થતો તો ઘડીમાં બહાર નીકળીને રામ અને સીતાના મનને મોહિત કરતો અથવા આકર્ષતો દોડવા માંડ્યો.

રામને પોતાને પકડવા માટે આવવાનું આમંત્રણ આપતો હોય તેમ એ મૃગના રૂપમાં રહેલો મારીચ પોતાના મસ્તકને ઊંચુ કરીને વારંવાર રામની તરફ જોવા લાગ્યો. રામ એ આમંત્રણનો સ્વીકાર કરતા હોય તેમ ધનુષ્ય બાણને ધારણ કરીને ચાલી નીકળ્યા. મારીચને એટલું જ જોઈતું હતું. વનના વિકટ માર્ગો પરથી આગળ વધતો એ રામને ખૂબ જ અંદર અને દૂર લઈ ગયો.

મૃગને મારવાનો સંકલ્પ કરી ચૂકેલા રામ એની પાછળ દોડતાં દોડતાં થાકી ગયા ત્યારે છેવટે નિરુપાય બનીને એમણે એના પર પ્રાણઘાતક બાણ છોડ્યું એ બાણ વાગતાંવેંત જ મૃગ ભયંકર ચિત્કાર કરતું ઢળી પડ્યું. પરંતુ

ઢળતી વખતે એણે 'હા લક્ષ્મણ, હા લક્ષ્મણ, લક્ષ્મણ'નો કરૂણ પોકાર પાડ્યો. એ મર્મભેદક પોકાર સાંભળીને સીતાને કાંઇનું કાંઇ થઇ ગયું—એનું હૈયું હાલી ઉઠ્યું.

(ક્રમશઃ)

(ફોટા પાછળના કાવ્યનું અનુસંધાન)

સર્વેશ્વરીને સોમનાથે માળ ધરી સન્માને જે,
શીરડીમહીં શ્રીફળ ધરીને સ્નેહથી સંભાળે જે,
તે સપ્તશૃંગીમાં સ્ત્રીરૂપ ધરી વધાવે છે ખરે,
તે સર્વેશ્રીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૬

સર્વેશ્વરીની આરતી વિરૂપાક્ષી ગુફામાં કરે,
ને વૈષ્ણવીના પર્વતે યુવારૂપે વંદન કરે,
જે સદ્‌ગુરુ સ્વામી બની માનવરૂપે લીલા કરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૭

સર્વેશ્વરીની વિષધર ને કાચથી રક્ષા કરે,
શીલા થકી ઉગારીને જે વાળ વાંકો ના કરે,
તે વિવિધરૂપ ધારણ કરીને અવનવી શિક્ષા ધરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૮

સર્વેશ્વરીની સખી બનીને સ્નેહ સાચો જે કરે,
ને પ્રાણપ્યારા પૂર્ણ પુરુષોત્તમ રૂપે સાથે ફરે,
તે ભવનદીને પાર કરતા મુક્તિધામ ધરે ખરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. ૯

# ભગવાનમાં પ્રીત

ભગવાનમાં જે પ્રીત કરે છે ને મન જોડે છે તે જ ધન્યભાગ છે. જે ભગવાનને પ્રેમ કરે છે તેની બધી જ સંભાળ તે દયાળુ ડગલે ને પગલે રાખે છે. તુકારામ, ભક્ત નરસિંહ મહેતા, મીરાંબાઇ વગેરે ભક્તોના જીવનમાં ભગવાને કેવા કેવા દાખલા બતાવ્યા છે. આજે પણ કોઇ તેવી જ રીતે શુદ્ધ મન રાખી તેની ભક્તિ કરે તો તેનું દર્શન થાય છે ને તેના ચમત્કાર જીવનમાં પ્રત્યક્ષ મળે છે.

ગોપીના મટકામાંથી માખણ ચોરનાર એ પ્રભુ, આપણી મનરૂપી મટકીમાં જે પ્રેમનું માખણ છે તેનો ખૂબ ભૂખ્યો છે, ને જ્યાં તેને તે મળે છે ત્યાંથી તે અળગો થતો નથી. તેવા પ્રેમીજનોનો તો તે દાસ જ થઇ જાય છે ને તેમની પાછળ પાછળ પ્રેમપૂર્વક એટલા માટે ફરે છે કે તેવા ભક્તોના ચરણની પવિત્ર રજ તેના પર ઊડે ને તે પવિત્ર થાય! આવો તે પ્રભુનો મહિમા છે. પણ તેના આવા પ્રેમની પ્રાપ્તિ તેની કૃપાથી જ થઇ શકે છે.

—મહાત્મા શ્રી યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# માનવમન સૌથી વિચિત્ર

વિચિત્રમાં વિચિત્ર હોય તો તે આ દુનિયામાં માણસનું મન જ છે, એ ભયંકર પણ છે. એ ક્યારે શું કરી બેસે તેની ભલભલાને ખબર સુદ્ધાં નથી પડતી. એની. અસર નીચે આવવાથી કેટલાય યોગીઓના યોગ બગડી ગયા છે, કેટલાયનાં વ્રતતપ અટકી ગયાં છે, અને કેટલાય આશાસ્પદ સાધકોનાં સાધના–ઝરણાં, સિદ્ધિરૂપી સરિતાને મળ્યા વિના જ, અધવચ્ચે જ સુકાઇ ગયાં છે. સ્રી એમાં નિમિત્ત બની છે ને સ્રી માટે પુરુષ નિમિત્તરૂપ થયો છે. એમાં સ્રી કે પુરુષનો દોષ નથી, પરંતુ મનનો દોષ છે. મન જો મજબૂત તથા સંયમી હોય તો તો કાંઇ જ ના થાયઃ કોઈયે પ્રકારનું જોખમ ના આવેઃ પરંતુ દરેકનું મન એવું નથી હોતુ, માટે જ ઉપાધિ ઊભી થાય છે. ભલભલા મજબૂત માણસનું મન પણ ક્યારે નબળું બને છે કે ડગી જાય છે એ વિષે કશો જ ચોક્કસ અભિપ્રાય નથી આપી શકાતો.

વસ્તુથી દૂર રહીને શુદ્ધિ કે સંયમની વાતો કરીએ એના કરતાં વસ્તુની સાથે કે વચ્ચે રહીને મનોબળની કસોટી કરીએ એ વધારે સારૂં નથી લાગતું?

બોલવામાં કે સાંભળવામાં તો એ જરૂર સારૂં લાગે છે. પરંતુ આચરણમાં ઉતારવાનો પ્રશ્ન આવે છે ત્યારે જ ખબર પડે છે કે તે ધાર્યા જેટલું સહેલું નથી. વસ્તુનો સંસર્ગ ટાળી શકાતો હોય તો ટાળવો વધારે સારો છે. જો ટાળી શકાય એમ ના જ હોય તો એ સંસર્ગ દરમિયાન સતત સાવધાન રહેવું એ બીજો ઉપાય છે. વસ્તુનો સંસર્ગ થયા અને રહ્યા પછી પણ મન ડગે કે બળવો કરે જ નહિ એવી સ્થિતિ તો કોઇક જીવનમુક્ત મહાપુરુષની જ હોય છે.

–યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.